RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૦ | સોમવાર, તા.૧૨-૦૧-૨૦૨૬ | અંક : ૧૬૩ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# અમદાવાદમાં વડાપ્રધાનના હસ્તે પતંગ મહોત્સવનો પ્રારંભ

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ એક જ કારમાં સાબરમતી રિવરફ્રન્ટ પહોંચ્યા અને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો : બન્ને નેતાઓએ સાબરમતી આશ્રમની પણ મુલાકાત લીધી








અમદાવાદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં સાબરમતી નદીના કિનારે આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લીધો હતો. આ રંગીન અને જીવંત ઉત્સવ ભારત અને વિદેશના સહભાગીઓ સાથે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ એક જ કારમાં સાબરમતી રિવરફ્રન્ટ પહોંચ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમ ખાતે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી, સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધી દ્વારા ઉપયોગમાં લેવાતા ચરખાને નિહાળ્યા અને મુલાકાતી પુસ્તકમાં તેમના વિચારો નોંધ્યા.

પીએમ મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચેની ચર્ચા ફક્ત દ્વિપક્ષીય મુદ્દાઓ સુધી મર્યાદિત રહેશે નહીં. યુક્રેન કટોકટી, વૈશ્વિક સુરક્ષા પરિસ્થિતિઓ અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વધતા તણાવ જેવા વિષયો પર પણ ચર્ચા થવાની સંભાવના છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છેજયારે વિશ્વના ઘણા ભાગોમાં રાજકીય અને લશ્કરી ઉથલપાથલ ચાલી રહી છે.

જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ ભારતની બે દિવસીય મુલાકાતે અમદાવાદ પહોંચ્યા છે. ચાન્સેલર મેર્ઝ પ્રધાનમંત્રીના આમંત્રણ પર ૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાતે છે, આ તેમની ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત હશે.



પ્રધાનમંત્રીનરેન્દ્રમોદીઅનેજર્મનચાન્સેલરફ્રેડરિકમેઝ઼ 'એઆજેઅમદાવાદસ્થિતગાંધીઆશ્રમની મુલાકાત લીધી હતી .બંને નેતાઓએ મહાત્મા ગાંધી દ્વારા ઉપયોગમાં લેવાતા ચરખાને નિહાળ્યો હતો .ચરખા ઉપર કામ કરી રહેલા એક મહિલાના કામથી તેઓ પ્રભાવિત થયા હતા .

# ડોનાલ્ડ ટ્રમ્પે હવે પોતાને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ જાહેર કર્યા ?

## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્રમ્પે એક ફોટો મૂકતા અટકળો તેજ બની

વોશીંગ્ટન ડી સી

તાજેતરમાં યુએસએ દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલાના પાટનગર કરાકાસ પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીનું અપહરણ કર્યું હતું. વેનેઝુએલામાં સત્તા અંગે ખેંચતાણ ચાલી રહી છે, એવામાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાને વેનેઝુએલાનાં કાર્યકારી રાષ્ટ્રપતિ જાહેર કર્યા છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક સ્ક્રિન શોટ શેર કર્યો છે.

ટ્રુથ સોશિયલ પરની એક પોસ્ટમાં ટ્રમ્પે વિકિપીડિયા પર પોતાનાં પેજનો એક સ્ક્રિન શોટ શેર કર્યો છે. જેમાં ટ્રમ્પને “વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ” ગણાવવામાં આવ્યા છે. જો કે આ ઈમેજ એડિટ કરેલી છે, વીકીપીડીયા પર ટ્રમ્પના પેજ પર આવી કોઈ માહિતી નથી.

નોંધનીય છે ટ્રમ્પ સોશિયલ મીડિયા પર આવી મજાક કરતા રહે છે. ગત વર્ષે પોપ ફ્રાન્સિસના અવસાન બાદ નવા પોપ ચૂંટવા માટે કોન્કલેવ ચાલી રહ્યો હતો ત્યારે ટ્રમ્પે પોતાને પોપ તરીકે દર્શાવતો ફોટો શેર કર્યો હતો.

ટ્રમ્પ અગાઉ અનેક વાર કહી ચુક્યા છે કે જયાં સુધી સત્તાનું સુરક્ષિત, યોગ્ય અને ન્યાયી હસ્તાંતરણ સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી વેનેઝુએલાની સરકાર યુએસ ચલાવશે. વેનેઝુએલાની સુપ્રીમ કોર્ટે ડેલ્સી રોડ્રિગ્ઝને વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કર્યા. ટ્રમ્પે પણ માદુરોના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને સત્તા સંભાળવાની મંજૂરી આપી હતી.

ટ્રમ્પે એવી પણ ધમકી આપી હતી કે જો માદુરોના નજીકના નેતા તેમની માંગણીઓ મુદ્દે સહકાર નહીં આપે, તો વેનેઝુએલા સામે વધુ લશ્કરી કાર્યવાહી કરવામાં આવી શકે છે

દરમિયાન, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ જણાવ્યું કે યુએસએ વેનેઝુએલામાં શાસન માટે થ્રી-સ્ટેપની યોજના બનાવી છે.

# ન્યુઝીલેન્ડમાં ખ્રિસ્તી જુથે ‘હાકા’ ડાન્સ કરીને શીખ શોભાયાત્રા અટકાવતા વિવાદ

## ઘટના મામલે અમૃતસર સ્થિત શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ સહિત શીખ સંગઠનોને ચિંતા વ્યક્ત કરી

ઓકલેન્ડ

ન્યુઝીલેન્ડમાં છેલ્લા એક મહિનામાં બીજી વખત શીખ સમુદાયના અપમાનની ઘટના બની છે. આજે ગુરુ ગોવિંદ સિંહની જન્મજયંતિની નિમિતે શીખ સમુદાય દ્વારા આયોજિત નગર કીર્તન યાત્રાનો એક સ્થાનિક રાઈટ વિંગ ધાર્મિક જૂથે વિરોધ કર્યો હતો. આ ઘટના મામલે અમૃતસર સ્થિત શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ સહિત શીખ સંગઠનોને ચિંતા વ્યક્ત કરી છે.

અહેવાલ મુજબ, આ ઘટના ઓકલેન્ડથી લગભગ ૨૨૫ કિમી દૂર આવેલા તૌરંગા શહેરમાં બની હતી. ગુરુદ્વારા શીખ સંગત મંદિરથી આજે રવિવારે ૧૧ વાગ્યે શોભાયાત્રા શરૂ થઈ હતી અને કેમેરોન રોડ થઈને તૌરંગા બોય્ઝ કોલેજ તરફ આગળ વધી રહી હતી. આ દરમિયાન ખ્રિસ્તી



ધર્મના આગેવાન બ્રાયન તામાકી અને ડેસ્ટિની ચર્ચ સાથે જોડાયેલા લોકોનું ટોળું આવી પહોંચ્યું હતું અને શોભાયાત્રાને અટકાવી હતી

ખ્રિસ્તી જુથે શીખ શોભાયાત્રાની સામે પરંપરાગત આદિવાસી નૃત્ય ‘માઓરી હાકા’ પરફોર્મ કર્યું. આ દરમિયાન “આ ભારત નહીં પણ ન્યુઝીલેન્ડ છે” લખેલા બેનરો જોવા મળ્યા હતાં.

ખ્રિસ્તી જૂથ શીખ સમુદાયની આ શોભાયાત્રાના વિક્ષેપ પાડે એવી શક્યતાને ધ્યાનમાં રાખીને, પોલીસ વિભાગે પહેલાથી જ સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી હતી. પોલીસ બંને પક્ષોએ સમાધાન કરાવ્યું હતું અને અનિચ્છનીય ઘટના ટળી હતી.

બ્રાયન તામાકીએ સોશિયલ મીડિયા પર વિડીયો શેર કર્યો છે અને કેપ્શનમાં લખ્યું હતું, “આ રસ્તાઓ કોના છે? કીવીઓની છે” “સાચા દેશભક્તો પાછળ ન હટતા.”ગત મહીને ઓકલેન્ડમાં શીખ સમુદાયની એક શોભાયાત્રા દરમિયાન પણ આવા દ્રશ્યો સર્જાયા હતાં, જેને કારણે તણાવ પેદા થયો હતો.

# વેનેઝુએલાની સબસિડીના સહારે ક્યુબાની અર્થવ્યવસ્થા ચલાવવાનો યુગ હવે સમાપ્ત : ટ્રમ્પ

## અમેરિકાના પ્રમુખની વેનેઝુએલા અને ઈરાન બાદ સમજૂતી માટે ક્યુબાને ધમકી

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબાને સીધી ચેતવણી આપી છે કે કાં તો તે વોશિંગ્ટન સાથે સમજૂતી કરે અથવા સંપૂર્ણ આર્થિક અલગતા માટે તૈયાર રહે. ટ્રમ્પે દાવો કર્યો છે કે વેનેઝુએલાના તેલ પર નિર્ભર ક્યુબાની અર્થવ્યવસ્થા હવે પતનની આરે છે અને તેની પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ અત્યાર સુધી વેનેઝુએલા પર કાર્યવાહી કરી ચૂક્યા છે. ત્યારબાદ તેમણે ઈરાન, ગ્રીનલેન્ડ, કોલંબિયા અને હવે ક્યૂબાને ધમકી આપી છે.

ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ’ટ્રુથ સોશિયલ’ પર લખ્યું હતું કે, "વેનેઝુએલાની સબસિડીના સહારે ક્યુબાની અર્થવ્યવસ્થા ચલાવવાનો યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. હવે ક્યુબાને ન તેલ મળશે, ન પૈસા. બધું જ ઝીરો છે. હું તેમને કડક સલાહ આપું છું કે તેઓ સમય રહેતા ડીલ કરી લે."

ઉલ્લેખનીય છે કે, ક્યુબા તેની જરૂરિયાતનું ૫૦ ટકા તેલ વેનેઝુએલા પાસેથી મેળવતું હતું. પરંતુ જાન્યુઆરીમાં માદુરોની ધરપકડ બાદ અમેરિકાએ તેલના પુરવઠા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવી લીધું છે, જેના કારણે ક્યુબામાં અત્યારે ભારે વીજ કાપ અને ઈંધણની તંગી સર્જાઈ છે.ટ્રમ્પની આ ધમકી બાદ ક્યુબાના પ્રમુખ મિગેલ ડિયાઝ-કેનેલે આક્રમક વલણ અપનાવતા ઠ પર લખ્યું કે, "ક્યુબા એક સ્વતંત્ર અને સાર્વભૌમ દેશ છે. અમને કોઈ નિર્દેશ આપી શકે નહી. અમે સંઘર્ષ નથી ઈચ્છતા, પરંતુ દેશની રક્ષા માટે લોહીના છેલ્લા ટીપાં સુધી લડવા તૈયાર છીએ." ક્યુબાના વિદેશ મંત્રીએ અમેરિકા પર ’ગુનાહિત વલણ’ અપનાવવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે અમેરિકા વૈશ્વિક શાંતિ માટે ખતરો છે.

હવાના (ક્યુબા) અને કારાકસ (વેનેઝુએલા) વચ્ચેનું દાયકાઓ જૂનું ગઠબંધન અત્યારે જોખમમાં છે.

# હિન્દુ સમાજની એકતા આસુરી શક્તિઓને તોડી નાખશે : ભાગવત

## આપણું રાષ્ટ્ર ફક્ત ધર્મ માટે બનેલું છે, અને તેથી જ તેનું નિર્માણ થયું છે

મથુરા,

ધાર્મિક સમાજ, સનાતન સમાજના લોકો એક થતાં આ બધી આસુરી શક્તિઓ તૂટી જશે. તમે જોઈ શકો છો કે છેલ્લા ૫૦ વર્ષોમાં, જેમ જેમ હિન્દુઓ એક થયા છે, તેમ તેમ તેઓ ટુકડા થઈ ગયા છે. વૃંદાવનમાં સુદામા કુટી આશ્રમના સ્થાપક સંત સુદામા દાસજી મહારાજના ૧૦ દિવસીય શતાબ્દી સમારોહના ઉદ્ઘાટન દરમિયાન આરએસએસ વડા મોહન ભાગવતે આ વાત કહી હતી.

આરએસએસ વડા મોહન ભાગવતે વૃંદાવનમાં પોતાના સંબોધનમાં કહ્યું હતું કે આપણું રાષ્ટ્ર ફક્ત ધર્મ માટે બનેલું છે, અને તેથી જ તેનું નિર્માણ થયું છે. સમય સમય પર, આપણે ધાર્મિક જ્ઞાનથી વિશ્વનું અવલોકન કરવું જોઈએ અને લોકોને આપણા જીવન દ્વારા ધાર્મિક જીવન કેવી રીતે જીવવું તે શીખવવું જોઈએ.સંતો અને ઋષિઓની હાજરીમાં પોતાના નિવેદનમાં,આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું હતું કે દેશને ભેદભાવમુક્ત ભારતની જરૂર છે. હિન્દુ સમાજ ક્યારેય કોઈ બીજાની બહાદુરી, બહાદુરી કે શક્તિ સામે હાર્યો નથી; જ્યારે તેનો પરાજય થયો છે, ત્યારે તે વિભાજનને કારણે થયો છે.

જો કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી, તો શું કરવાનું છે? આપણે આપણી મિત્રતાને

# પીએમ મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચેની બેઠકમાં મહત્વના મુદ્દાઓ પર ચર્ચા

## યુક્રેન કટોકટી, વૈશ્વિક સુરક્ષા પરિસ્થિતિઓ અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વધતા તણાવ જેવા વિષયોની સાથોસાથ મહત્વના કરાર પણ થશે

અમદાવાદ

પીએમ મોદી અને જર્મન ચાન્સેલર વચ્ચેની ચર્ચા ફક્ત દ્વિપક્ષીય મુદ્દાઓ સુધી મર્યાદિત રહેશે નહીં. યુક્રેન કટોકટી, વૈશ્વિક સુરક્ષા પરિસ્થિતિઓ અને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વધતા તણાવ જેવા વિષયો પર પણ ચર્ચા થવાની સંભાવના છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વના ઘણા ભાગોમાં રાજકીય અને લશ્કરી ઉથલપાથલ ચાલી રહી છે.



આ મુલાકાતનો મુખ્ય એજન્ડા ભારતીય નૌકાદળ માટે છ અત્યાધુનિક સબમરીન ખરીદવાનો પ્રસ્તાવ છે. આ સોદો આશરે રૂ.૫૨,૫૦૦ કરોડનો હોવાનું જાણવા મળે છે. આ કરારમાં જર્મનીની અગ્રણી સંરક્ષણ કંપની, થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સ અને ભારતની માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ વચ્ચે ભાગીદારી શામેલ હોઈ શકે છે. આ સોદો ભારતની દરિયાઈ શક્તિને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

### સબમરીન સોદાથી ભારત માટે મહત્વપૂર્ણ

સબમરીન સોડાથી સ્વદેશી સંરક્ષણ ઉત્પાદનમાં વધારો થશે.
ભારતીય નૌકાદળની તાકાત અને ક્ષમતામાં વધારો થશે.
સંરક્ષણ ક્ષેત્રમાં મેક ઈન ઈન્ડિયાને મજબૂત બનાવવામાં આવશે.
ભારતને અદ્યતન જર્મન સબમરીન ટેકનોલોજી પ્રાપ્ત થશે.
હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની વ્યૂહાત્મક સ્થિતિ મજબૂત થશે.

# સૌરાષ્ટ્ર કચ્છ ભારતના ગ્રોથનું એંકર રીજન : વડાપ્રધાન મોદી

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-સૌરાષ્ટ્ર-કચ્છનો પ્રારંભ

## રોકાણ માટે 'આ જ સમય છે, સાચો સમય છે', વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પીએમ મોદીનું વૈશ્વિક રોકાણકારોને આહ્વાન

## રાજકોટ, જામનગર અને મોરબીનો આ ત્રિકોણ 'મિની જાપાન' બનાવવાનું સપનું આજે હકીકત બન્યું

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૬ના પ્રારંભ બાદ ગુજરાતની પ્રથમ સુખદ યાત્રામાં સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં સહભાગી બનતા જણાવ્યું હતું કે, આજે 'વિકાસ અને વિરાસત'ના મંત્ર ચારે બાજુ ગુંજી રહ્યો છે. બે દાયકા પૂર્વે એક સપનાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાતની યાત્રા આજે એક ગ્લોબલ બેન્ચમાર્ક સાથે અતૂટ ભરોસા સુધી પહોંચી છે. અત્યાર સુધીમાં ૧૦ વાઈબ્રન્ટ સમિટ યોજાઈ ચૂકી છે. વાઈબ્રન્ટ સમિટ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિશ્વને ગુજરાતના સામર્થ્યથી પરિચિત કરાવવાનો હતો, પરંતુ આજે તે રોકાણથી આગળ વધીને ગ્લોબલ ગ્રોથ અને પાર્ટનરશીપનું એક મજબૂત પ્લેટફોર્મ બની ગયું છે. અહીં કોર્પોરેટ ગ્રુપ, સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ્સ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કદમથી કદમ મિલાવીને વિકાસના પથ પર આગળ વધી રહી છે.

વડાપ્રધાન ગુજરાતના અલગ-અલગ વિસ્તારોની અપાર શક્તિ અને ક્ષમતાઓ વિશે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના દરેક પ્રદેશની પોતાની તાકાત છે, પછી તે કોસ્ટલ લાઈનનું સામર્થ્ય હોય, ટ્રાયબલ બેલ્ટ હોય, ઈન્ડસ્ટ્રિયલ ક્લસ્ટર હોય કે ખેતી અને પશુપાલનની સમૃદ્ધ પરંપરા હોય. આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા આગળ વધી રહ્યું છે. શ્વેતક્રાંતિ એટલે કે દૂધ ઉત્પાદન અને જેનરિક દવાઓના ઉત્પાદનમાં વિશ્વમાં પ્રથમ સ્થાને છીએ. દુનિયામાં સૌથી વધુ વેક્સિન (રસી) બનાવનાર દેશ ભારત છે. ભારત દેશ આજે દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઈલ મેન્યુફેક્ચરર છે. આપણું યુપીઆઈ દુનિયાનું નંબર વન રિયલ ટાઈમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ છે. ભારતમાં દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે અને સોલર પાવર તથા મેટ્રો નેટવર્કમાં પણ આપણે ટોપ ત્રણમાં છીએ.

તેમણે ઉમેર્યું હતું કે, 'રીફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મ'ના મંત્રને કારણે આજે વિશ્વની તમામ ગ્લોબલ સંસ્થાઓ ભારતમાં રોકાણ કરવા તત્પર છે. આઈએમએફ ભારતને ગ્લોબલ ગ્રોથનું એન્જિન માને છે અને ફિચ જેવી રેટિંગ એજન્સીઓ વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે અભૂતપૂર્વ નિશ્ચિતતા સાથેની ભારતની આર્થિક સ્થિરતાને બિરદાવી રહી છે. વડાપ્રધાને ગર્વભેર જણાવ્યું હતું કે, ભારત આજે અસીમ સંભાવનાઓનો દેશ બની ગયો છે, આપણા દેશમાં સ્થિરતા અને નીતિઓમાં સાતત્ય



છે. ભારતમાં મધ્યમવર્ગના વ્યાપની સાથે તેઓની ખરીદશક્તિની ક્ષમતાઓ વધી રહી છે. આ તમામ પરિબળોને કારણે ભારત આજે રોકાણકારો માટે પ્રથમ પસંદગી બન્યું છે. વડાપ્રધાને આ તકે રોકાણકારો માટે "આ જ સમય છે, સાચો સમય છે" તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને જેનું વાઈબ્રન્ટ સમિટ ઉત્તમ પ્લેટફોર્મ છે. તેમણે કહ્યું હતું કે, ભારત દેશ ''વિકસિત ભારત" બનવા તરફ હરણફાળ ગતિએ આગળ ધપી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં રોકાણકારો રોકાણ કરવાનો આ જ શ્રેષ્ઠ સમય છે. સૌરાષ્ટ્ર અને કચ્છની આ ધરતી એ શીખવ્યું છે કે, પડકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, જો ઈમાનદારી અને મહેનતથી મક્કમ રહીએ તો સફળતા જરૂર મળે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોએ પરિશ્રમથી તેમનું ભાગ્ય બદલ્યું છે.

સૌરાષ્ટ્ર અને કચ્છ માત્ર તકોનો પ્રદેશ નથી, પરંતુ ભારતના ગ્રોથનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવામાં આ પ્રદેશની ભૂમિકા ખૂબ મોટી છે, એમ કહી જણાવ્યું હતું કે, આજે રાજકોટમાં જ અઢી લાખથી વધુ લઘુ ઉધોગો કાર્યરત છે. રાજકોટમાં સ્ક્રૂ-ડ્રાઈવરથી લઈને ઓટો પાર્ટ્સ, મશીન ટૂલ્સ અને રોકેટ સુધીના પાર્ટ્સ તૈયાર થઈ રહ્યા છે. આ પ્રદેશ હાઈ-ટેકનોલોજી મેન્યુફેક્ચરિંગની સમગ્ર વેલ્યુ ચેઈનને સપોર્ટ કરે છે.

મોરબીની વાત કરતાં વધુમાં તેમણે કહ્યું હતું કે, મોરબી આજે ટાઈલ્સના મોટા ઉત્પાદકોમાનું એક છે અને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક સ્થાપિત કરી રહ્યું છે. એક સમયે મેં મોરબી, જામનગર અને રાજકોટના ત્રિકોણને 'મિની જાપાન' બનાવવાનું સપનું જોયું હતું, તે આજે હકીકત બની રહ્યું છે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન આજે આધુનિક મેન્યુફેક્ચરિંગનું કેન્દ્ર છે, જ્યાં ભારતની પહેલી સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટી તૈયાર થઈ રહી છે. એટલું જ નહીં, સૌરાષ્ટ્ર અને કચ્છ આજે ગ્રીન ગ્રોથ અને એનર્જી સિક્યોરિટીનું પણ હબ બની રહ્યા છે. કચ્છમાં ૩૦ ગીગાવોટની ક્ષમતા ધરાવતો દુનિયાનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે, જે પેરિસ શહેર કરતા પાંચ ગણો મોટો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આજે ક્લીન એનર્જીના ક્ષેત્રમાં ભારત માત્ર પ્રતિબદ્ધતા જ નહીં, પરંતુ 'કોમર્શિયલ સ્કેલ રિયાલિટી' સાથે આગળ વધી રહ્યું છે. ગ્રીન હાઈડ્રોજનના સામર્થ્યથી સૌ પરિચિત છે અને ભારતમાં આ દિશામાં અભૂતપૂર્વ ઝડપી સ્કેલ પર કામ થઈ રહ્યું છે, જેમાં કચ્છ અને જામનગર ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનના મોટા કેન્દ્રો તરીકે ઉભરી રહ્યા છે. કચ્છમાં સ્થાપિત કરવામાં આવી રહેલી વિશાળ 'બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ દ્વારા રિન્યુએબલ એનર્જીની સાથે ગ્રીડ સ્ટેબિલિટી અને વિશ્વસનીયતા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકતા વડાપ્રધાને કહ્યું કે, આ પ્રદેશ વિશ્વકક્ષાના બંદરોથી સજ્જ છે, જ્યાંથી ભારતની નિકાસનો મોટો હિસ્સો પસાર થાય છે. પિપાવાવ અને મુંદ્રા જેવા બંદરો આજે ભારતના ઓટોમોબાઈલ એક્સપોર્ટના મેજર હબ બની ચૂક્યા છે

ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે ઉદ્યોગો માટે સજ્જ માનવબળ તૈયાર કરવામાં પણ ગુજરાત અગ્રેસર છે. રાજ્યમાં શિક્ષણ અને કૌશલ્ય વિકાસની આંતરરાષ્ટ્રીય ઈકોસિસ્ટમ ઉપલબ્ધ છે. ગુજરાત સરકારની 'કૌશલ્ય સ્કીલ યુનિવર્સિટી' ઓસ્ટ્રેલિયા અને સિંગાપોરની યુનિવર્સિટીઓના સહયોગમાં યુવાનોને ફ્યુચર-રેડી સ્કીલ્સ માટે તૈયાર કરી રહી છે. આ ઉપરાંત, દેશની પ્રથમ નેશનલ ડિફેન્સ યુનિવર્સિટી અને ગતિશક્તિ યુનિવર્સિટી દ્વારા રોડ, રેલવે, એરવેઝ, વોટરવેઝ અને લોજિસ્ટિક્સ જેવા દરેક ક્ષેત્ર માટે કુશળ માનવબળ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાની બે અગ્રણી યુનિવર્સિટીઓએ પણ ગુજરાતમાં પોતાના કેમ્પસ શરૂ કર્યા છે, જે દર્શાવે છે કે અહીં રોકાણની સાથે ટેલેન્ટ પાઈપલાઈન પણ સુનિશ્ચિત છે.

ગુજરાતના પ્રવાસન ક્ષેત્ર વિશે વાત કરતા વડાપ્રધાશ્રીએ જણાવ્યું કે, અહીં નેચર, એડવેન્ચર, કલ્ચર અને હેરિટેજનું અદભૂત મિશ્રણ છે. લોથલમાં બની રહેલું નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ ભારતની સાડા ચાર હજાર વર્ષ જૂની દરિયાઈ વિરાસતનું પ્રતીક છે. કચ્છનું રણોત્સવ અને ત્યાંની ટેન્ટ સિટી પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર છે. વન્યજીવ પ્રેમીઓ માટે ગીર ફોરેસ્ટમાં એશિયાટિક સિંહના દર્શનનો અનેરો અનુભવ છે, જ્યાં વર્ષે ૯ લાખથી વધુ પ્રવાસીઓ આવે છે. બ્લુ ફ્લેગ સર્ટિફાઈડ શિવરાજપુર બીચ ઉપરાંત માંડવી, સોમનાથ અને દ્વારકામાં બીચ ટુરિઝમની ઘણી શક્યતાઓ છે, જ્યારે દીવ વોટર સ્પોર્ટ્સ માટે શ્રેષ્ઠ ડેસ્ટિનેશન બની રહ્યું છે.

સૌરાષ્ટ્રના વિકાસ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં કરવામાં આવતું દરેક રોકાણ ગુજરાત અને સમગ્ર દેશના વિકાસને નવી ગતિ આપશે. તેમણે રવાંડાના હાઈ કમિશનરની વાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, ભારત દ્વારા રવાંડાને ભેટમાં આપવામાં આવેલી ૨૦૦ ગીર ગાયોએ ત્યાંની ગ્રામીણ અર્થવ્યવસ્થાને એક મોટી તાકાત આપી છે. આજે રવાંડાના હજારો પરિવારો પાસે ગીર ગાયો છે અને ત્યાંના દરેક ઘરમાં તે જોવા મળે છે. વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ભારત સરકાર 'રિફોર્મ એક્સપ્રેસ' પર ભાર મૂકવામાં આવ્યો છે, જે અંતર્ગત દરેક ક્ષેત્રમાં 'નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ' લાવવામાં આવ્યા છે. તાજેતરમાં અમલી બનેલા જીએસટી સુધારાઓથી ખાસ કરીને સ્જીસ્ઈને મોટો ફાયદો થયો છે.

## જ્યોતિ સી.એન.સી. મેન્યુફેક્ચરિંગ, આર.એન્ડ ડી. અમે સ્કીલ ક્ષેત્રે રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ કરશેઃ પરાક્રમસિંહ જાડેજા

ગાંધીનગર,

જ્યોતિ સી.એન.સી.ના ચેરમેન પરાક્રમસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટની ધરા ઉપર યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ના સપનાને સાકાર કરતી સમિટ છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત બન્યું છે. આ કોઈ બિઝનેસ કોન્ફરન્સ નહીં પરંતુ વિકસિત ભારતનું વિઝન હવે પ્રદેશ, જિલ્લા, સ્થાનિક ઔદ્યોગિક ઈકો સિસ્ટમ સુધી પહોંચી રહ્યું હોવાનો સ્પષ્ટ સંકેત છે. વિશ્વમાં આજે અસ્થિર માહોલ વચ્ચે પણ ભારત દેશ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મક્કમ અને સ્થિર બનીને ઊભું છે અને આગળ વધી રહ્યો છે. અમારો ધ્યયે ખૂબ જ સ્પષ્ટ છે કે મેન્યુફેક્ચરિંગ માત્ર બિઝનેસ નથી, અમારી જવાબદારી છે. અમારી કંપની આગામી પાંચ વર્ષમાં રૂ. ૧૦ હજાર કરોડનું રોકાણ કરશે. એરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરને પણ મશીનરી પૂરી પાડવા માટે જ્યોતિ સી.એન.સી. તત્પર છે. આત્મનિર્ભર ભારત માટે આપણે સૌ સાથે મળી આ ઉમદા કાર્યને આગળ વધારવાની ઝુંબેશ ચલાવીશું.

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં રૂ. સાત લાખ કરોડનું રોકાણ કરશે

રાજકોટ,

રાજકોટમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનું પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે આજે રવિવાર (૧૧ જાન્યુઆરી)એ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે દેશ-વિદેશમાંથી મોટા-મોટા ઉદ્યોગપતિઓ રાજકોટ પહોંચી ગયા છે. તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણી પણ આ સમિટમાં ભાગ લેવા માટે રાજકોટ પહોંચી ગયા છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન દરમિયાન મંચ પરથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ ખૂબ જ પ્રેરણાદાયી વાતો કરી. પોતાની સ્પીચની શરૂઆત તેમણે "જય સોમનાથ" સાથે કરી. તેમણે કહ્યું કે, 'હું રાજકોટને સલામ કરું છું, તે ખરેખર ગુજરાતનું કિંગ છે. ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષ પછી ઐતિહાસિક શહેર એવા રાજકોટમાં રિજનલ વાઈબ્રન્ટમાં ભાગ લેવો એ મારા માટે ગર્વની વાત છે. હું સૌરાષ્ટ્રની ભૂમિને નમન કરું છું. મારા પૂજ્ય પિતા ધીરુભાઈ અંબાણી સૌરાષ્ટ્રની ધરતીના પુત્ર હતા અને તેમનો જન્મ ચોરવાડમાં થયો હતો.'

મુકેશ અંબાણીએ કહ્યું કે, 'રિલાયન્સ એક ગુજરાતી કંપની છે. ગુજરાત અમારી આત્મા છે, ગુજરાત અમારું શરીર છે. હું આજે તમારી સમક્ષ ૫ વચનો સાથે ઉભો છું. મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરતા કહ્યું કે, 'છેલ્લા પાંચ વર્ષમાં અમે ગુજરાતમાં ૩.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યું છે. આજે હું ખુશીથી જણાવું છું કે આગામી ૫ વર્ષમાં અમે આ રોકાણ બમણું એટલે ૭ લાખ કરોડ રૂપિયા સુધી લઈ જઈશું'

આ સાથે જ તેમણે જણાવ્યું કે,




'જામનગરમાં અમે ભારતનું સૌથી મોટું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તૈયાર ડેટા સેન્ટર બનાવી રહ્યા છીએ. આનો એકમાત્ર ઉદ્દેશ છે – દરેક ભારતીયને સસ્તું છૈં આપવાનો છે. જિયો ટૂંક સમયમાં ભારત માટે બનેલું, ભારતના લોકો માટે બનેલું એક નવું પીપલ-ફર્સ્ટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરશે. આ પ્લેટફોર્મ દ્વારા ગુજરાતથી શરૂ કરીને દરેક નાગરિક પોતાની ભાષામાં, પોતાના ફોન પર રોજ છૈંની સેવા મેળવી શકશે. આનાથી લોકો વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનશે.'

તેમણે કહ્યું કે, 'રિલાયન્સ ફાઉન્ડેશન ૨૦૩૬માં યોજાનારી વર્લ્ડ ઓલિમ્પિકમાં પણ પાર્ટનર બનવા જઈ રહ્યું છે. અમે દેશની ઓલિમ્પિક એમ્બિશનમાં સહભાગીદાર બનીશું. ૨૦૩૬ની ઓલિમ્પિક માટે ગુજરાત સરકાર સાથે મળીને નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને મેનેજ કરીશું અને ભારતના ભાવિ ચેમ્પિયનને ટ્રેનિંગ આપીશું.'મુકેશ અંબાણીએ કહ્યું કે, 'અમે જામનગરમાં વર્લ્ડ ક્લાસ હોસ્પિટલ બનાવીશું. ગુજરાતનો વિકાસ એ અમારો સંકલ્પ છે. હું આજે એક મહત્વનો મુદ્દો મૂકવા માગું છું. જીયો પોલિટિકલ પડકારો ઉભા થઈ રહ્યા છે. આ પડકારો આપણને સ્પર્શી નહીં શકે કારણ કે ભારત ફરતે નરેન્દ્ર મોદીએ અદ્રશ્ય દિવાલ ઉભી કરી છે.'

## ૫૦૦૦ કરોડના ખર્ચે વિશ્વનો સૌથો મોટો પાઈપલાઈન પ્લાન્ટ સ્થાપવા વેલસ્પનના ચેરમેનની જાહેરાત

ગાંધીનગર,

વેલસ્પન કંપનીના ચેરમેન શ્રી બી. કે. ગોએન્કાએ ગૌરવભેર જણાવ્યું હતું કે, કચ્છ અમારી જન્મભૂમિ છે એક સમયે સૌરાષ્ટ્ર- કચ્છમાં સૌથી મોટી પાણીની સમસ્યા હતી. પરંતુ છેલ્લા બે દાયકામાં સૌરાષ્ટ્ર કચ્છની કાયાપલટ થઈ છે. આજે સૌરાષ્ટ્ર કચ્છ રિફાઈનરી પોર્ટ અને સીરામીક માટે જાણીતું બન્યું છે. આ ક્ષેત્રનો વિકાસ છેલ્લા ૨૦ વર્ષમાં થયો છે, જેનો શ્રેય હું દેશના પ્રધાનમંત્રીશ્રીને આપું છું

તેમણે ઉમેર્યું હતું કે, 'આજે વેલસ્પન એક લાખ થી વધુ લોકોને રોજગારી આપે છે. તેમણે ૨૦૦૩ના વાઈબ્રન્ટ સમિટને યાદ કરતા જણાવ્યું હતું કે, તે સમયે હું વાપીમાં પ્લાન્ટ કરવાનો હતો પરંતુ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મને એવું કહ્યું હતું કે આપ આપનો પ્લાન્ટ કચ્છમાં નાખશો, તો આપને એક રૂપિયાના રોકાણ સામે એક ડોલર વળતર મળશે. જે વાત આજે સાચા અર્થમાં સાર્થક થઈ છે. અમારી કંપની આગામી સમયમાં વિશ્વની સૌથી મોટી પાઈપ પ્લાન્ટનું ઉત્પાદન કરવા માટે રૂ. ૫૦૦૦ કરોડનું રોકાણ ગુજરાતમાં કરશે.

## ગાંધીનગર સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રૂટનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ

### અમદાવાદ મેટ્રોનું નેટવર્ક વધીને ૯૮ કિલોમીટર થયું : લોકો હવે અમદાવાદથી ગાંધીનગર અક્ષરધામ સુધી મેટ્રોની મુસાફરી કરી શકશે

ગાંધીનગર,

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલા પીએમ મોદીએ ગાંધીનગર સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના મેટ્રો રૂટનું લોકાર્પણ કર્યું હતું. આ સુવિધા શરૂ થતા હવે અમદાવાદથી ગાંધીનગરના અક્ષરધામ સુધી સીધા જઈ શકાશે. વડાપ્રધાન મોદીના હસ્તે લોકાર્પણ થનાર સચિવાલયથી મહાત્મા મંદિરના મેટ્રો ફેઝ-૨ હેઠળ કુલ ૨૮.૨ કિમીનો રૂટ મંજૂર કરવામાં આવ્યો છે. જેમાં કુલ ૨૨ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ.૫,૩૮૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ લોકાર્પણ બાદ અમદાવાદ મેટ્રોનું કુલ નેટવર્ક વધીને ૯૮ કિમી થઈ જશે. નવા શરૂ થનારા ૭ સ્ટેશનોમાં અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, મહાત્મા મંદિર, સેક્ટર-૧૦૭, સચિવાલયનો સમાવેશ થાય છે. આ નવા રૂટના લોકાર્પણ બાદ ગાંધીનગર સચિવાલયમાં કામ કરતા હજારો કર્મચારીઓને હવે ટ્રાફિકની ઝંઝટમાંથી મુક્તિ મળશે. આ સાથે જ અક્ષરધામ અને દાંડી કુટીરની મુલાકાતે આવતા પ્રવાસીઓ સીધા મેટ્રો મારફતે ગાંધીનગર પહોંચી શકશે. આ ઉપરાંત મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનને ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સાથે વોક-વેથી જોડવામાં આવશે, જેથી ટ્રેન મારફતે આવતા મુસાફરો સરળતાથી મેટ્રોનો લાભ લઈ શકશે.

મહાત્મા મંદિર સ્ટેશન આ રૂટનું અંતિમ સ્ટેશન ગાંધીનગરના મહત્વના લેન્ડમાર્ક સમાન છે. અહીં ઉતર્યાની થોડી જ મિનિટોમાં મુસાફરો મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, દાંડી કુટીર મ્યુઝિયમ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) સંકુલ સુધી પહોંચી શકશે. આંતરરાષ્ટ્રીય સમિટ અને મોટા કાર્યક્રમો માટે આવતા લોકો માટે આ સ્ટેશન પ્રવેશદ્વાર સમાન બની રહેશે.

સેક્ટર-૨૪ સ્ટેશન વિદ્યાર્થીઓ માટે વિશેષ લાભદાયી રહેશે. અહીં VPMP પોલીટેકનિક, LDRP ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ITI (સેક્ટર-૧૫) અને ગુજરાત એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI) જેવી મહત્વની શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે.

## કચ્છના મુંદ્રામાં આગામી પાંચ વર્ષમાં અદાણી ગ્રુપ રૂ.૧.૫૦ લાખ કરોડનું મૂડી રોકાણ કરશેઃ કરણ અદાણી

ગાંધીનગર,

અદાણી પોર્ટ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના એમ.ડી. શ્રી કરણ અદાણીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ ભારત સતત આગળ વધી રહ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ કચ્છ સૌથી મોટું એનર્જી હબ બન્યું છે. અદાણી ગ્રુપ માટે મુંદ્રા કર્મભૂમિ છે. તેમજ સોલાર મેન્યુફેક્ચરિંગ માટે મુંદ્રા મહત્વનું સેન્ટર બન્યું છે. અદાણી ગ્રુપ વિશ્વનો સૌથી મોટો એનર્જી પાર્ક મુંદ્રા ખાતે બનાવી રહ્યો છે, જે ૩૭ ગીગા બાઈટનો એનર્જી પાર્ક બનશે. તેમણે ઉમેર્યું હતું કે કચ્છના મુંદ્રા ખાતે આગામી પાંચ વર્ષ દરમિયાન અદાણી ગ્રુપ દ્વારા રૂપિયા ૧.૫૦ લાખ કરોડનું મૂડી રોકાણ કરવામાં આવશે. તેમજ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના સપનાને આ ગ્રુપ સાકાર કરવા માટે સતત તેમના પડખે રહેશે.

## સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી હવે ૧૫ જાન્યુઆરી સુધી થશે

### ૧૫ જાન્યુઆરી સુધી પર્વની ઉજવણીના વિવિધ કાર્યક્રમો યોજાશે ભાવિકોના ધસારાને ધ્યાને લઈને રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર,

ગુજરાતના સોમનાથમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી સોમનાથ ખાતે કરવામાં આવી રહી છે. જેને હવે શ્રદ્ધાળુઓની ભક્તિ અને ધસારાને ધ્યાનમાં રાખીને ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો સરકારે નિર્ણય લીધો છે. આ અંગે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, કલાકારોની પ્રસ્તુતિ સહિત અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર આ સમયગાળા દરમિયાન રજૂ થશે.

હાલ સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી સોમનાથ ખાતે કરવામાં આવી રહી છે. જેમાં ઉપસ્થિત રહેલા વડાપ્રધાને તેમના વક્તવ્યમાં પણ લોકોની શ્રદ્ધા આસ્થા અને ભગવાન ભોળાનાથ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે તે માટેનો ભાવ વ્યક્ત કર્યો હતો. તેમજ લોકોની લાગણી અને માગણી ધ્યાનમાં રાખી અને આ પર્વની ઉજવણી ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ પર્વમાં ૮ થી ૧૧ જાન્યુઆરી સુધી જે રીતે કાર્યક્રમો યોજાયાં હતાં. તેવી જ રીતે ૧૫ જાન્યુઆરી સુધી આ અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં સમગ્ર ભારત દેશમાંથી શ્રદ્ધાળુઓ સહભાગી થશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્રના સફળ પ્રયત્નોને કારણે આ પર્વ સફળતાથી ચાલ્યું છે.

ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાળુઓને અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર સાથે રોશનીનો રોમાંચ પણ માણવા મળશે. આ પર્વ અન્વયે વડાપ્રધાનની ગરીમામય ઉપસ્થિતિમાં ૭૨ કલાકનો અખંડ ઓમકાર નાદ ૩૦૦૦ ડ્રોનનો મેગા શો અને ૧૦૮ અશ્વોની શૌર્ય યાત્રા તેમજ વિવિધ રાજયો માંથી સોમનાથ ખાતે પધારેલા કલાકારોની અનેકવિધ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. ભારતીય સંસ્કૃતિના વારસા અને વિરાસતને પુનઃસ્થાપિત કરતા આ ધાર્મિક પ્રસંગને દેશભરના વધુમાં વધુ લોકો માણી શકે એ માટે તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આ પર્વ લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

# યાત્રાધામ વીરપુરમાં મુખ્ય બજારમાં આવેલું SBI ATM છેલ્લા ૧૦ દિવસથી બંધ હાલતમાં

## યાત્રાળુંઓ તેમજ સ્થાનિકોને રોકડ રકમ માટે ભારે મુશ્કેલીઓ

વીરપુરઃ વિશ્વભરમાં પ્રખ્યાત યાત્રાધામ વીરપુર (જલારામ) ખાતે હાલમાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને રોકડ રકમ ઉપાડવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વીરપુરની મુખ્ય બજારમાં આવેલું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા SBI ATM છેલ્લા ૧૦ દિવસથી બંધ હાલતમાં હોવાથી સ્થાનિકો તેમજ બહારગામથી આવતા યાત્રિકો રોકડ રકમ માટે મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે,

વીરપુરમાં પૂજ્ય જલારામ બાપાના દર્શનાર્થે દરરોજ હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. હાલ શિયાળાની ઋતુ અને ડિસેમ્બર મહિનો હોવાથી એનઆરઆઈ અને અન્ય રાજ્યોમાંથી આવતા પ્રવાસીઓની સંખ્યા પણ વિશેષ છે. આવા સમયે, ગામની મધ્યમાં અને મુખ્ય બજારમાં આવેલું એકમાત્ર જીૈંછ્ૂસ તંત્રની બેદરકારીને કારણે છેલ્લા દસ દિવસથી તાળા મારેલી હાલતમાં છે (શટર ડાઉન છે).

પ્રવાસીઓથી સતત ધમધમતા યાત્રાધામમાં મુખ્ય બેંકનું ATM ૧૦-૧૦ દિવસ સુધી રિપેરીંગ વિના બંધ કેમ? શું બેંક અધિકારીઓને યાત્રિકોની પરેશાની દેખાતી નથી? દોઢ કિલોમીટર દૂર બેંક સુધી વૃદ્ધો અને અજાણ્યા મુસાફરો કેવી રીતે જાય? સ્થાનિક લોકો અને યાત્રિકોની એક જ માંગ છે કે



સત્વરે આ છ્ૂસ પુનઃ કાર્યરત કરવામાં આવે જેથી દૂર-દૂરથી વીરપુર આવતા ભાવિકોની શ્રદ્ધા યાત્રા સુખદ રહે અને તેમને આર્થિક વ્યવહારમાં કોઈ મુશ્કેલી ન પડે.

ભાવનગરથી વીરપુર દર્શન માટે આવેલા યાત્રિક સુનિલ ચુડાસમાએ પોતાની આપવીતી જણાવતા કહ્યું હતું કે, તેઓ પરિવાર સાથે દર્શન માટે આવ્યા હતા. ખરીદી કરવા માટે રોકડ રકમની જરૂર પડતાં તેઓએ સ્થાનિકોની મદદથીATM શોધ્યું હતું. પરંતુ છ્ૂસ પર પહોંચતા જ તેમને નિરાશા સાંપડી હતી કારણ કે તે બંધ હાલતમાં હતું. સ્થાનિકોએ તેમને જણાવ્યું કે આ ATM છેલ્લા ૧૦ દિવસથી બંધ છે. સુનિલભાઈએ જણાવ્યું કે, "બહારગામથી આવતા શ્રદ્ધાળુઓને જ્યારે ખરીદી કરવી હોય કે અન્ય ખર્ચ માટે પૈસાની જરૂર હોય ત્યારે આ રીતે છ્ૂસ બંધ હોવાથી ખૂબ જ તકલીફ પડે છે. મારી વિનંતી છે કે આ સુવિધા વહેલી તકે શરૂ કરવામાં આવે."

વીરપુરના સ્થાનિક રહીશ અને વ્યાપારી રમેશભાઈ ગઢિયાએ પરિસ્થિતિની ગંભીરતા વર્ણવતા જણાવ્યું હતું કે, વીરપુર માત્ર યાત્રાધામ નથી પરંતુ અહીં ખરીદી માટેની એક મોટી બજાર પણ છે. અહીં આવતા યાત્રિકો પ્રસાદી અને અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરતા હોય છે. હાલ ડિસેમ્બર મહિનામાં એનઆરઆઈ અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે ત્યારે જ છ્ૂસ બંધ હોવું એ શરમજનક બાબત છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, "આ ATM બંધ હોવાથી લોકોને દોઢ કિલોમીટર દૂર આવેલી બેંકની શાખા સુધી લાંબા થવું પડે છે. બહારગામથી આવતા યાત્રિકોને ગામના રસ્તાઓની ખબર હોતી નથી, જેના કારણે તેઓ રઝળી પડે છે. આ ATM નું શટર વહેલી તકે ખોલવામાં આવે તેવી ગામના નાગરિક તરીકે મારી માંગ છે.

# વાઈબ્રન્ટ સમિટને લઈને મારવાડી કોલેજમાં મીની હોસ્પિટલ ઉભી કરાઈ

## ૬-બેડની સુવિધા, ૨૫ ડૉક્ટર્સ અને ૧૦ નર્સિંગ સ્ટાફ સહિત ૫૦નો સ્ટાફ સતત ખડેપગે

રાજકોટઃ

રાજકોટમાં આજથી શરૂ થઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ કોન્ફરન્સને લઈને વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમમાં દેશ - વિદેશના અનેક મહાનુભાવો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવાના હોવાથી, કોઈપણ સંભવિત તબીબી કટોકટીને પહોંચી વળવા માટે મારવાડી કોલેજ કેમ્પસમાં જ ૬ બેડની સુવિધા ધરાવતી અદ્યતન મિની હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલના નેજા હેઠળ તૈયાર કરાયેલી હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની ફોજ તૈનાત કરવામાં આવી છે, જે કોન્ફરન્સ પૂર્ણ થાય ત્યાં સુધી ચોવીસ કલાક ખડેપગે રહેશે.સિવિલ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલી આ વિશેષ



વ્યવસ્થામાં દર્દીઓની સારવાર માટે કુલ ૫૦ જેટલા મેડિકલ સ્ટાફને ફરજ સોંપવામાં આવી છે. આ ટીમમાં ફિઝિયોથેરાપી, જનરલ સર્જન, ઓર્થોપેડિક (હાડકાના નિષ્ણાત) અને મેડિકલ ઓફિસર જેવા વિવિધ રોગોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

કોન્ફરન્સ દરમિયાન સતત તબીબી દેખરેખ જળવાઈ રહે તે માટે કુલ ૨૫ ડોક્ટરોની ટીમ ખાસ ફાળવવામાં આવી છે, જેમાંથી દરરોજ ૫ ડોક્ટરો રોટેશન મુજબ ફરજ બજાવશે. આ ઉપરાંત, સહાયક સ્ટાફ તરીકે ૧૦ નર્સિંગ સ્ટાફ અને ૧૦ સર્વન્ટ સહિતનો અન્ય પેરામેડિકલ સ્ટાફ પણ સ્થળ પર ઉપલબ્ધ રહેશે.આ સમગ્ર વ્યવસ્થાનું સંચાલન સિવિલ હોસ્પિટલના અધિક્ષક અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સીધું કરવામાં આવી રહ્યું છે. મારવાડી કોલેજમા ઉભી કરવામાં આવેલી આ હોસ્પિટલ માત્ર પ્રાથમિક સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેને નાની સિવિલ હોસ્પિટલ જેવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. કોઈપણ ઈમરજન્સીને પહોંચી વળવા માટે અહીં અત્યાધુનિક સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવાઈ છે. નાની-મોટી ઈજાઓ કે ડ્રેસિંગ માટે ૩ સ્પેશિયલ ટેબલની વ્યવસ્થા કરવામાં આવી છે.જો કોઈ ગંભીર પરિસ્થિતિ સર્જાય અને દર્દીને તાત્કાલિક અન્ય મોટી હોસ્પિટલમાં ખસેડવાની જરૂર પડે, તો તે માટે ૩ હાઈ-ટેક એમ્બ્યુલન્સને સ્થળ પર જ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ હોસ્પિટલમાં ઈમરજન્સી અને જીવનરક્ષક દવાઓનો પણ પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે, જેથી દવાના અભાવે સારવારમાં વિલંબ ન થાય.

# લોકો પાયલટ રામપ્રવેશ કુમાર રેલ મંત્રી દ્વારા 'અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર'થી સન્માનિત

રાજકોટઃ

રાજકોટ ડિવિઝનના લોકો પાયલટ શ્રી રામપ્રવેશ કુમારને તેમની સતર્કતા અને ઉત્કૃષ્ટ સેવા બદલ નવી દિલ્હી સ્થિત યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત ૭૦મા રેલ સપ્તાહ કેન્દ્રીય સમારોહમાં 'અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર–૨૦૨૫' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન માનનીય રેલવે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું.



પીપાવાવ પોર્ટથી એલપીજી (ન્ઁય્) લઈને અંબાલા જઈ રહેલી માલગાડીના સંચાલન દરમિયાન, ચાલતી ટ્રેનમાં સાવરકુંડલા-લીલીયા મોટા સ્ટેશન વચ્ચે વળાંક આવતા તેમણે એક વેગનનું ઢાંકણ ખુલ્લું જોયું અને તાત્કાલિક ગાડી ઊભી રાખી દીધી હતી. તપાસ દરમિયાન વેગન નંબર ૦૮૯૮૬૬૮૧૮૧ ઁન્ન્દ્ર માં ગેસ લીકેજ જોવા મળ્યું હતું. તેમની ત્વરિત સૂઝબૂઝ અને કાર્યવાહીને કારણે માત્ર એક સંભવિત મોટી દુર્ઘટના જ નથી ટળી, પરંતુ ગાડી, રેલવે સંપત્તિ અને સમગ્ર વિસ્તારની સુરક્ષા પણ સુનિશ્ચિત થઈ હતી.

આ વર્ષે ભારતીય રેલવેના વિવિધ ઝોનમાંથી વ્યક્તિગત શ્રેણીમાં અંદાજે ૧૦૦ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં પશ્ચિમ રેલવેના સાત કર્મચારીઓ સામેલ હતા. શ્રી રામપ્રવેશ કુમારની આ સિદ્ધિ રાજકોટ ડિવિઝન માટે વિશેષ ગૌરવની બાબત બની છે અને તેમની નિષ્ઠાની રાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ છે.

રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ શ્રી કુમારને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, તેમની આ સિદ્ધિ સમગ્ર ડિવિઝન માટે સન્માનની વાત છે અને તે તમામ કર્મચારીઓને સુરક્ષા તેમજ સેવા શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખવા માટે પ્રેરણા આપે છે.

# રાજકોટમાં જન્મ-મરણ દાખલાના ક્યુઆર કોડ મુદ્દે વિવાદ, આધાર સુધારાનું કામ ઠપ

રાજકોટઃ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતા જન્મ-મરણના દાખલાના ક્યુઆર કોડને લઇ વધુ એક ગંભીર વિવાદ સામે આવ્યો છે.આધાર કેન્દ્ર દ્વારા મહાનગરપાલિકાના ક્યુઆર કોડવાળા જન્મ-મરણના દાખલાને બદલે કેન્દ્ર સરકાર હસ્તકના સીઆરએસ (ઝઇજી) પોર્ટલના ક્યુઆર કોડવાળા દાખલાને જ અધિકૃત માનવામાં આવશે તેવો મૌખિક આદેશ અપાતા અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે.૧૯૪૨થી ૨૦૨૦ સુધી મનપાના પોર્ટલમાં સચવાયેલા જન્મ-મરણના દાખલાને લઇ અનિશ્ચિતતા સર્જાઈ છે.આ સ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકાના જન્મ-મરણ વિભાગની બહાર સૂચનાત્મક બોર્ડ લગાવવામાં આવ્યું છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, મનપા દ્વારા આપવામાં આવતા જન્મ-મરણના દાખલામાં કોઇ ફોર્મેટ બદલવામાં આવશે નહીં તેમજ દાખલામાં આપવામાં આવતો ક્યુઆર કોડ માન્ય અને અધિકૃત છે, પરંતુ બીજી તરફ આધારકાર્ડ સંબંધિત કામગીરી માટે આધાર કેન્દ્રમાં પહોંચતા અરજદારોને જણાવવામાં આવી રહ્યું છે કે, મહાનગરપાલિકાનો ક્યુઆર કોડ માન્ય નથી અને માત્ર કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલના ક્યુઆર કોડવાળા દાખલા લાવવામાં આવશે તો જ આધાર કાર્ડમાં નવી એન્ટ્રી કે સુધારા-વધારા કરવામાં આવશે.આ વિસંગત સૂચનાઓના કારણે અરજદારો જન્મ-મરણ વિભાગ અને આધાર કેન્દ્ર વચ્ચે ધક્કા ખાવાની પરિસ્થિતિમાં મુકાયા છે. ઘણા અરજદારોને દિવસો સુધી આધાર સુધારાની કામગીરી ન થતા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.ગત સપ્ટેમ્બરથી રાજકોટ મનપામાં કેન્દ્ર સરકારના સીઆરએસ પોર્ટલ મારફત જન્મ-મરણના દાખલા કાઢવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. તે પહેલાં મનપાનું પોતાનું પોર્ટલ સુચારુ રીતે કાર્યરત હતું.બાદમાં રાજ્ય સરકાર દ્વારા ઈ-ઓળખ પોર્ટલ શરૂ કરી તેમાં જન્મ-મરણની નોંધ કરવાની સૂચના અપાઈ અને ત્યારબાદ કેન્દ્ર સરકારે તમામ નોંધ સીઆરએસ પોર્ટલમાં ફરજિયાત કરવાની સૂચના આપી, પરંતુ આ ત્રણેય સ્તરે યોગ્ય સંકલનના અભાવે સમસ્યા વિકટ બની છે.મહાનગરપાલિકાના પોર્ટલમાં આઝાદી પૂર્વ સમયગાળા સહિત વર્ષ ૧૯૪૨થી ૧ ઓક્ટોબર ૨૦૨૦ સુધીના જન્મ-મરણના લાખો દાખલા સચવાયેલા છે.હવે જો આ તમામ ડેટા આધાર સુધારા માટે સીઆરએસ પોર્ટલમાં ટ્રાન્સફર કરવો પડે તો અંદાજે જન્મના ૨૦ લાખ અને મરણના ૧૦ લાખથી વધુ, એટલે કે કુલ ૩૦ લાખથી વધુ એન્ટ્રીનો પ્રશ્ન ઊભો થયો છે.જન્મ-મરણ વિભાગના ૨૮ ઓપરેટરોને હજુ યુઝર આઇડી મળ્યા નથી અને આધાર કેન્દ્રના મૌખિક આદેશને કારણે મનપા તંત્ર સામે એન્ટ્રી ટ્રાન્સફરની મૂંઝવણ ઊભી થઈ છે.

# આ ઉત્તરાયણે સવારથી સાંજ સુધી પતંગને પવનનો સાથ મળશે

રાજકોટઃ

ઉત્તરાયણનું પર્વ નજીક આવતા જ પતંગરસિયાઓના મનમાં એક જ સવાલ હોય છે કે, પતંગ ચગાવવા માટે પવન કેવો રહેશે?. આ વર્ષે ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા માટે પતંગરસિયાઓએ ચિંતા કરવાની જરુર નથી. હવામાન નિષ્ણાંતના જણાવ્યા અનુસાર ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા માટે પવનની ગતિ સાનુકૂળ રહેશે. જાણકારોના મતે સામાન્ય પતંગ ચગાવવા માટે પ્રતિકલાક ૫ કિમીની ઝડપે ફૂંકાતા પવનની જરુરિયાત રહે છે. ભાસ્કરે હવામાન નિષ્ણાત અંકિત પટેલ સાથે વાત કરી હતી અને ઉત્તરાયણના પર્વ પર રાજ્યના મહત્વના શહેરોમાં સવારથી સાંજ સુધી પવનની ગતિ કેવી રહેશે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો.ઉત્તરાયણના પર્વને હવે બે દિવસ બાકી રહ્યા છે. ત્યારે પતંગરસિકો માટે આનંદના



સમાચાર એ છ કે, આ વર્ષે પતંગ ચગાવવા માટે વધુ ઠુમકા લગાવવા નહીં પડે. રાજ્યમાં પવનની ગતિ સામાન્ય અને પતંગ ચગાવવા માટે અનુકૂળ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંકિત પટેલના જણાવ્યા મુજબ સામાન્ય પતંગ ચગાવવા માટે પવનની ગતિ પ્રતિકલાક ૫ કિમીની હોવી જરુરી છે. આ વર્ષે ઉત્તરાયણના દિવસે મોટાભાગના શહેરોમાં પવનની ગતિ ૫ કિમી કે તેનાથી વધુ રહેવાની શક્યતા હોય પતંગબાજોએ પતંગ ચગાવવામાં તકલીફ નહી પડે.

# ભદ્રકાળી મંદિરના શિલાલેખમાં કંડારાયેલો સોમનાથનો કાલજયી ઈતિહાસ; કુમારપાળના શાસનકાળ અને સોમનાથના પુનરુત્થાનની જીવંત કથા

## પ્રભાસ પાટણની ભૂમિમાં સચવાયેલા પુરાતત્વીય પુરાવાઓ અને સોલંકીકાળનું સ્થાપત્ય આપણી અણમોલ ધરોહર

પ્રભાસ પાટણઃપ્રભાસ પાટણની આ પવિત્ર ધરતી અનેક ઐતિહાસિક ધરોહરો અને સભ્યતાઓ સાચવીને બેઠી છે. આ ભૂમિ કેટલી પવિત્ર, સમૃદ્ધ અને સ્વર્ણિમ અતીત ધરાવે છે તેના વૈભવની અહીંના તામ્રપત્રો, અભિલેખો, શિલાલેખો ગવાહી આપે છે. આજે પણ શૌર્ય ગાથાની ગર્વભેર રણગર્જના કરતા પાળિયાઓ આ ભૂમિના પરાક્રમની સાક્ષી પૂરે છે.

પ્રભાસ પાટણ અને સોમનાથ દેવાલયના ઈતિહાસને ઉજાગર કરતા આભિલેખિક પુરાવા, પ્રમાણભૂત અવશેષો પ્રભાસ ક્ષેત્રમાં વિવિધ સ્થળોએ આવેલા છે. સોમનાથ અને પ્રભાસ ક્ષેત્રના દેદીપ્યમાન અમર ઈતિહાસના પુરાવા આપતા શિલાલેખ અને તામ્રપત્ર પ્રભાસ પાટણ મ્યુઝિયમના હસ્તક સચવાયેલા છે. અનેક આક્રમણોથી ધ્વસ્ત મંદિરના અવશેષો શૌર્ય, શક્તિ અને સમર્પણના જીવંત પુરાવા રૂપે આજે પણ મ્યુઝિયમ ખાતે સચવાયેલા છે. હાલ આ મ્યુઝિયમ પ્રભાસ પાટણમાં પૌરાણિક સૂર્યમંદિરમાં કાર્યરત છે.

આ મ્યુઝીયમ હસ્તકનો આવો જ એક શિલાલેખ પ્રભાસ પાટણમાં મ્યુઝિયમની નજીક જુના રામ મંદિરની બાજુમાં ભદ્રકાળી ફળિયામાં આવેલો છે. સોમપુરા બ્રાહ્મણ દીપકભાઈ દવેના નિવાસસ્થાને આ ઐતિહાસિક ધરોહર સચવાયેલી છે. તેમના આંગણામાં સ્થિત પૌરાણિક ભદ્રકાળી મંદિરની દિવાલ પર આ શિલાલેખ આજે પણ જડિત છે.





પ્રભાસ પાટણ મ્યુઝિયમના ક્યુરેટર (સંગ્રહાલયાધ્યક્ષ)શ્રી તેજલ પરમારે વિગતો આપતા જણાવ્યું હતું કે, ઈ.સ. ૧૧૬૯ ( વલભી સંવત ૮૫૦ અને વિક્રમ સંવત ૧૨૫૫) માં કોતરાવેલ અને હાલ રાજ્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત આ શિલાલેખ અણહિલવાડ પાટણના મહારાજાધિરાજ કુમારપાળના ધર્મગુરુ પરમ પાશુપતાચાર્ય શ્રીમદ ભાવબૃહસ્પતિનો પ્રશસ્તિ લેખ છે. આ અભિલેખમાં સોમનાથ મંદિરનો પૌરાણિક અને મધ્યકાલીન ઈતિહાસ લિપિબદ્ધ છે. આ અભિલેખમાં ચારેય યુગમાં સોમનાથ મહાદેવના નિર્માણનો ઉલ્લેખ છે. જે મુજબ સત્ય યુગમાં ચંદ્ર (સોમે) સોનાનું, ત્રેતા યુગમાં રાવણે રૂપાનું, દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણએ કાષ્ટનું તથા કળિયુગમાં રાજા ભીમદેવ સોલંકી સુંદર પાષાણનું કલાત્મક દેવાલય બંધાવ્યું હતું.

ઈતિહાસના પૃષ્ઠો પર નજર કરીએ તો, મંદિરના જૂના અવશેષો પર ભીમદેવ સોલંકીએ ચતુર્થ મંદિર બંધાવ્યાની હકીકત પ્રમાણભૂત છે. ત્યારબાદ ઈ.સ. ૧૧૬૯ માં કુમારપાળના પાંચમું મંદિર પણ એ જ સ્થાને બંધાવ્યું હતું. સોલંકી શાસકોના કાળમાં પ્રભાસ પાટણ માત્ર ધાર્મિક જ નહીં, પણ સ્થાપત્ય અને સાહિત્યનું પણ કેન્દ્ર બન્યું હતું. સિદ્ધરાજ જયસિંહની ન્યાયપ્રિયતા અને કુમારપાળની ધર્મનિષ્ઠાએ સોમનાથના શિખરને ગૌરવના ઉચ્ચતમ સોપાન પર સ્થાપિત કર્યું, જે આજે પણ ગુજરાતના 'સુવર્ણકાળ'ની ગરિમાપૂર્ણ પ્રતીતિ કરાવે છે.

પ્રભાસ પાટણની આ પવિત્ર મૃદિંકા (ધરતી) તેના ઉદરમાં માત્ર અવશેષો નહીં, પણ સનાતન ધર્મનું આત્મગૌરવ સંગ્રહીને બેઠી છે. ભદ્રકાળી ફળિયાના એ ઐતિહાસિક શિલાલેખમાં કંડારાયેલી અક્ષરમાળા આજે પણ સોલંકી શાસકોના સમર્પણ અને ભાવબૃહસ્પતિ જેવા જ્ઞાનીઓના પુરુષાર્થની પ્રતીતિ કરાવે છે. શિલ્પ, સ્થાપત્ય અને સાહિત્યના ત્રિવેણી સંગમ સમાન આ ભૂમિ, તેના ઐતિહાસિક વિરાસત દ્વારા આવનારી પેઢીઓને આપણા સ્વર્ણિમ અતીતની ઝાંખી કરાવતી રહેશે. પ્રભાસનો આ દેદીપ્યમાન વારસો અને સોમનાથનું અજેય શિખર એ વાતની પ્રબળ ગવાહી આપે છે કે સમય ગમે તેટલો બળવાન હોય, પરંતુ ભક્તિ અને સ્વાભિમાનના શિખરો સદૈવ અવિનાશી રહે છે.

**પ્રભાસ પાટણ મ્યુઝિયમમાં સચવાયેલા છે પ્રભાસ પાટણ અને સોમનાથ દેવાલયના ઈતિહાસને ઉજાગર કરતા આભિલેખિક પુરાવા અને પ્રમાણભૂત અવશેષો**

# રાજકોટમાં ૮.૯ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન

રાજકોટઃ

ગુજરાતભરમાં અત્યારે કડકડતી ઠંડીનો પ્રકોપ છે. ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે શહેરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે.

આ સિઝનમાં પ્રથમવાર રાજકોટમાં પારો ગગડીને ૮.૯ ડિગ્રી પર પહોંચી જતા રંગીલું શહેર ઠંડીમાં ઠૂંઠવાયું છે. આ તાપમાન ચાલુ વર્ષની સિઝનનું સૌથી નીચું રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયું છે. બપોરે પણ ઉત્તર-પૂર્વના બર્ફીલા પવનો ફૂંકાતા લોકો ગરમવસ્ત્રોમાં લપેટાયા હતા.રાજકોટમાં રવિવારે લઘુતમ તાપમાન ૮.૯ ડિગ્રી રહેતા લોકોએ ભારે ટાઢક અનુભવી હતી. વહેલી સવારે ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા ઠંડા પવનોએ શહેરીજનોને ધ્રુજાવી દીધા હતા. સવારે ૮:૩૦ કલાકે તાપમાન ૧૨.૪ ડિગ્રી નોંધાયુ હતું, જે દર્શાવે છે કે, સૂર્યોદય બાદ પણ ઠંડીનો પ્રભાવ ઓછો થયો નહોતો.બપોરના સમયે પણ ઠંડા પવનોને કારણે વાતાવરણમાં ટાઢક રહી હતી. બપોરે ૨:૩૦ કલાકે પારો ૨૭ ડિગ્રી અને સાંજે ૫:૩૦ કલાકે ૨૪.૮ ડિગ્રીએ પહોંચ્યો હતો. દિવસનું મહત્તમ તાપમાન ૨૮.૮ ડિગ્રી રહ્યું હતું.

# ગોંડલમાં ધડુક પરિવારનો રક્તતુલા અને સ્નેહમિલન સમારોહ: ૩૧૪ બોટલ રક્ત એકત્રિત

ગોંડલઃગોંડલના જેતપુર રોડ પર આવેલા દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે ધડુક પરિવારનો ઐતિહાસિક સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતમાં પ્રથમવાર એક જ પરિવારના સભ્યોના રક્તથી મહાનુભાવોની રક્તતુલા કરવામાં આવી હતી.પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક (પોરબંદર), વિઠ્ઠલભાઈ ધડુક અને જેન્તીભાઈ ધડુક (સુરત)ની રક્તતુલા કરવામાં આવી હતી. આ પહેલ દ્વારા સમાજને સેવાનો નવો સંદેશ આપવામાં આવ્યો. કાર્યક્રમના અધ્યક્ષ પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુકનું ઢોલ-નગારા



અને ખુલ્લી જીપમાં ભવ્ય સ્વાગત કરાયું હતું. પરિવારની દીકરીઓએ કંકુ તિલક અને પુષ્પ વર્ષાથી મહેમાનોને આવકાર્યા હતા.

કાર્યક્રમનો પ્રારંભ રાષ્ટ્રગીત અને દીપ પ્રાગટ્યથી થયો હતો. ત્યારબાદ પરિવારના દિવંગત સભ્યોને મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.આ સ્નેહમિલન સમારોહના ભાગરૂપે સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં યુવાનો, વડીલો અને મહિલાઓ સહિત અનેક સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ કેમ્પમાં કુલ ૩૧૪ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. રક્તદાતાઓને આ પ્રસંગે વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુકે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, આગામી સમયમાં ધડુક પરિવાર દ્વારા જગત મંદિર દ્વારકા ખાતે ભવ્ય ધ્વજારોહણ કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# વ્યાપારી જહાજની જપ્તી બાદ અમેરિકા-રશિયા વચ્ચે વધતો તનાવ

અમેરિકાએ રશિયાના વ્યાપારી જહાજની જપ્તી કરતા ની સાથે જ વિશ્વ શાંતિનો ખતરો ઉભો થયો છે.

આજના વૈશ્વિક રાજકીય વાતાવરણમાં, અમેરિકા અને રશિયા વચ્ચેના તનાવમાં વધારો થતો જાય છે, અને તાજેતરની ઘટના ક્રમમા અમેરિકાએ રશિયન ધ્વજવાળું વ્યાપારી તેલ ટેન્કર 'મારિનેરા'ને જપ્ત કર્યું આને કારણે બંને દિવસો વચ્ચે તનાવ ઉગ્ર બન્યો છે. આ પગલું માત્ર એક વ્યાપારી જહાજની જપ્તી નથી, પરંતુ તે વિશ્વની બે મહાસત્તાઓ વચ્ચેના નવા શીતયુદ્ધની શરૂઆતનું પ્રતીક છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં આ પ્રકારની આક્રમક કાર્યવાહીઓ વધી રહી છે, જે વિશ્વ શાંતિ માટે ખતરનાક છે. અમેરિકાની આ 'વિશ્વ પોલીસ'ની ભૂમિકા હવે વધુ પડતી આક્રમક બની ગઈ છે, અને તેના પરિણામે રશિયા જેવી મહાસત્તા પાસેથી પ્રતિક્રિયા આવવી અનિવાર્ય છે.આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો, જાન્યુઆરી ૭, ૨૦૨૬ના રોજ ઉત્તર એટલાન્ટિકમાં અમેરિકાના કોસ્ટ ગાર્ડે આ જહાજને કબજે કર્યું હતું.આ જહાજ વેનેઝુએલાના તેલને વહન કરી રહ્યું હતું, જે અમેરિકાના પ્રતિબંધો હેઠળ છે, અને તેને 'શેડો ફ્લીટ'ના ભાગ તરીકે ગણવામાં આવે છે—એવા જહાજો કે જે રશિયા અને વેનેઝુએલા જેવા દેશો પ્રતિબંધોને ટાળવા માટે વાપરે છે.અમેરિકાના ગૃહ સુરક્ષા સચિવ ક્રિસ્ટી નોમે આને 'ગોસ્ટ ફ્લીટ'ના વિરુદ્ધની કાર્યવાહી તરીકે વર્ણવી છે, અને તેઓએ બીજા એક જહાજ 'સોફિયા'ને પણ જપ્ત કર્યું છે.અમેરિકાની એકતરફી પ્રતિબંધો અને તેમને અમલમાં મૂકવાની પદ્ધતિ વિશ્વ વ્યવસ્થાને અસ્થિર કરે છે.આ તનાવના મૂળમાં શું છે? અમેરિકા વેનેઝુએલા પર પ્રતિબંધો લાદીને તેની સરકારને નબળી પાડવા માંગે છે, અને રશિયા તેને સમર્થન આપીને પોતાના હિતો સુરક્ષિત કરે છે. આ જહાજને રશિયન ધ્વજ હેઠળ ચલાવવું એ રશિયાની વ્યૂહરચનાનો ભાગ હતો, પરંતુ અમેરિકાએ તેને પડકાર્યું છે ટ્રમ્પે જાતે કહ્યું છે કે 'રશિયાએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો નહીં', જેને તેઓ મોટી જીત માને છે આ ટ્રમ્પની આક્રમક વિદેશનીતિનું પરિણામ છે, જે 'અમેરિકા ફર્સ્ટ'ના નામે અન્ય દેશોની સાર્વભૌમત્વને અવગણે છે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આને 'ધમકી' તરીકે જોઈને પ્રતિક્રિયા આપી છે, અને કેટલાક અહેવાલોમાં તો પરમાણુ પ્રતિક્રિયાની ધમકીનો પણ ઉલ્લેખ છે.આવી ધમકીઓ વાસ્તવિક હોય કે ન હોય, તે વિશ્વને ભયભીત કરે છે.ઐતિહાસિક દૃષ્ટિકોણથી જોઈએ તો, અમેરિકા અને રશિયા વચ્ચેના તનાવની આ નવી કડી છે. યુક્રેન યુદ્ધથી લઈને સીરિયા અને વેનેઝુએલા સુધી, બંને દેશો વિરોધી તરફ છે. પરંતુ આ વખતે સમુદ્રી જપ્તીએ વસ્તુઓને વધુ જટિલ બનાવી છે. આંતરરાષ્ટ્રીય સમુદ્રી કાયદા અનુસાર, ઉચ્ચ સમુદ્ર પર સ્વતંત્રતા છે, અને કોઈ દેશ અન્યના જહાજને જપ્ત કરી શકતો નથી.અમેરિકા તેના પ્રતિબંધોને વૈશ્વિક કાયદા તરીકે લાદે છે, જે મારા મતે અનુચિત છે. આનાથી અન્ય દેશો, જેમ કે ચીન અને ઈરાન, પણ અસરગ્રસ્ત થઈ શકે છે, અને વિશ્વ વ્યાપારને નુકસાન થશે. આ તનાવનું કારણ અમેરિકાની આર્થિક અને લશ્કરી શક્તિનો દુરુપયોગ છે. ટ્રમ્પની વિદેશનીતિ 'મહાન અમેરિકા'ના નામે અન્યને દબાવે છે, પરંતુ તે વિશ્વને વિભાજિત કરે છે.

# હરતુ ફરતુ આનંદિત શરીર સ્વયં તંદુરસ્તીની નિશાની છે

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

આજકાલ શહેરોમા ટ્રાફિક, પોલ્યુશન, ગીચ વિસ્તારોમાં નાના આવાસો, કુટુંબના બાળકોથી લઈ દીકરાની વહુ સુધી સહુ સવારથી સાંજ પ્રવૃતિઓમા વસ્ત, આથી ઘરના વડીલોને રસ્તો ઓળંગી બગીચા સુધી કોણ લઈ જાય વડીલો એકાદ બસ કે રીક્ષા કરી દેવ-દર્શને પણ કેમ કરી જાય? પાકટ ઉંમર આથી તબિયતનું જરા નરમ-ગરમ રહેવાનું અને ડોક્ટર પાસે જઈએ એટલે કડક ભાષામા સુચના મળે 'કસરત..... કાના માત્ર વિનાની પ્રવૃતિ નહિ અપનાવો તો કાના માત્ર વિના નરકમા પહોંચી જવું પડશે'' અને આજકાલ બને પણ કેવું, જોગસ પાર્કમા ચાલવા માટે ઘર બહાર નીકળ્યાં હોઈયે ત્યારે જ સાઈડમાંથી ઓવરટેક કરતું વાહન પછાડે અને થાપાનો જોડ ભાંગે. ઘડીયાળનાં કાટે બે કિલોમીટર ચાલી દુકાને પહોંચી બપોરનુ સાત્વિક ભોજન દુકાનમાંજ લેનાર વ્યાપારીને પણ બજારના પોલ્યુશનના કારણે ફેફસામા ૭૬ % કંજેશન વ્યાપી જાય. પશ્ચિમી સમજ શરીર સ્વાસ્થ્યને વ્યાયામ સાથે જોડી રાખવાનો અભિગમ અપનાવે છે કે મર્યાદિત દ્રષ્ટિકોણ છે.

પરંતુ સ્વાસ્થ્યના હોલીસ્ટીક વ્યહનો પ્રથમ આધાર પોષક આહાર છે. ત્યારે એક વયસ્ક વ્યક્તિએ પોતાના દિવસભરનાં ખોરાકમા ૧૩૫ થી ૧૫૦ ગામ તાજા શાકભાજી અને સીજઝનલ ફૂટ લેવાનું રાખવુ જોઈએ. બજારમા લીલાછમ અને આકારમા સામાન્યથી મોટા દેખાતા ફળ, શાકભાજી ઓકસીટોસીન અને કોપર સલ્ફેટની કેમીકલ ટ્રીટમેન્ટમાંથી પસાર કરેલા જોવા મળે છે, પરંતુ ચીન કે ઓસ્ટ્રેલિયા જેવા દુરના દેશોમાથી આવતા ફળ-શાકભાજીમાથી પાણીનું પ્રમાણ દ્રટી ન જાય તે માટે વેક્સ કોટ કરવામા આવે છે. આવી અશુધ્ધિ સાથેના ખોરાકનુ સેવન કરવાથી ફેફસા અને લીવરને ભારે નુકસાન થાય છે. આથી ફળ-શાકભાજીને ઉપયોગમા લેતા પહેલા ૩ થી ૪ કલાક ચોખ્ખા પાણીમાં પલાળી રાખવા, છાલ કાઢી નાખવી અને પ્રેશરકૂકરમાં વરાળના દબાણ વચ્ચે બાફી ખાવાનું રાખવું.

૬૦ વર્ષ પછી માણસની ૧ કિલો ૫૦ ગ્રામથી ૧.૮૦ ગામ સુધીનો ખોરાક પચાવી શકે છે. મનની ભૂખથી આરોગેલો વધારાનો બધોજ આહાર શરીર માટે બહાર નીકળતા સુધી બોજ બની રહે છે. આજકાલ તુવેરદાળ સાથે ભેળ-સેળ થતી લાલ દાળ મોટી ઉંમરના લોકોએ ન ખાવી કારણ તેમાનું સેલ્યુલોઝ હાડકા બરડ કરી નાખે છે. તેમ રાજમા, વાલ, પાપડીના વધુ સેવનથી કઠોળમાં રહેલ હિંમેગ્લુટીન તત્વ લોહીના લાલ કણને ઘટાડી નાખે છે. બટાકાના અતિ સેવનથી શરીરમાં આયોડિનની માત્રા અ-સમતુલિત બની જાય છે. ઉપરાંત રેફ્રિજરેટરમાં સાચવી રાખેલ કે માઈકો ઓવનમા ગરમ કરેલા જંક ફુડથી શરીરને માત્ર નુકશાન જ થાય છે.ઈંગ્લેન્ડમાં જેલના કેદીઓ ઉપરના અભ્યાસથી જાણવા મળેલ છે કે જેઓને ૧ વર્ષ સુધી જંક ફુડ ઉપર રાખવામાં આવેલ તેઓની ગ્રહણ શક્તિમા ઘટાડો થયો અને સામુહિક વર્તનમા અ-શિત્વ વધી અને જે ગુનેગારોને ચરબી, કાર્બોહાઈડ્રેટ, મીનરલ, પ્રોટિન, વિટામીનની સમતુલાવાળો તાજે ખોરાક આપવામાં આવતા તેઓમાં શિખવાની અને પરસ્પરને સહકાર આપવાની વૃતિમાં વધારો થયો. આપણે ત્યાં પ્રચલિત કહેવત છે, ''અન્ન તેવો ખોરાક' 'આ ઓડકાર તે ખોરાકની શરીર ઉપરની અસર છે.વન પ્રવેશ થઈ ચુક્યો હોય છે, ત્યારે રોગ પ્રતિકારક શક્તી ઘટી જાય છે. વૃધ્ધોએ ઔષધીઓને આધાર લેવો પડે છે. પરંતુ મેડીસીન સાન્સ કહે છે, ''ધેરીઝ ઈફેક્ટ, ધેરીઝ એ સાઈડ ઈફેકટ'. સિક્કાની બીજી બાજુ પણ હોવાની જ. આથી ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વિના મળતી દવાઓ પણ ચણા-મમરા માફક ન લેવી. જરા અમસ્તી શરદી, શરીરના દુખાવામાં એસ્પિરિન લઈએ છીએ. પરંતુ ટેબલેટમાં રહેલ સ્ટરોડાઈલ એન્ટી ઈન્ફલમટરી ડ્રગ્સથી લાંબે ગાળે લીવરમાં અલ્સરથાય છે. ચામડી ઉપર લાલ ચાઠા પડે છે અને ચળ આવે છે.વ્યાપારીઓ બજારમાં ટકી રહેવા હાનિકારક સંયોજનથી દવાઓ વહેંચે છે. પેરાસિટામોલ સાથે અલ્પાઝોલમનું કોમ્બીનેશન પ્રોટેસ્ટ ગ્લેન્ડ નબળી પડે છે. આપણા રૂધિરાભિષણ તંત્ર ઉપર માઠી અસર પહોંચાડતી કેટલીક દવાઓ યુરોપ, અમેરિકામાં વર્જિત છે. પણ આવી ૨૯૪ દવાઓ ભારતના વડીલો કોઈ વિશેષ સમજ વિના લિધે રાખે છે. આથી ડોક્ટરની સલાહ વિના છાપા-ટીવીની જાહેરાતને આધારે લેશો નહીં. રોગનો ઉપાય કરતા પહેલા તેનુ કારણ જાણવાનો પ્રયત્ન કરે.

સ્ત્રી- પુરુષોમાં ૫૦-૬૦ વર્ષ પછી શરીર બહારથી કંઈ ફેરફાર નોંઘતુ નથી પરંતુ વ્યક્તિ વધુ સંવેદનશીલ બની જાય છે. રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે. શરીરના મસલ્સ શિથિલ થવા લાગે છે. અને મગજના સંદેશાઓનાં અમલમાં થોડી ઢિલાશ આવે છે. શરીર વિટામીન ડી પ્રકારના કેટલાક જરૂરી તત્વો ખોરાકમાથી છુટા પાડવાની ક્ષમતા ગુમાવી દે છે. આવા પ્રાકૃતિક ફેરફારવશાત વ્યક્તિને દિવસભરનો પરિશ્રમ ઘટે છે. પરાવલંબી અવસ્થાના લીધે ખોરાક લેવામાં અ-નિયમિતતા વધે છે અને સરવાળો એસીડીટીની ફરિયાદ રહે છે, ક્યારેક માથુ છાતી. પેટમા દુખાવો, બળતરા અનુભવાય છે પણ તેથી ગભરાયા વિના મનને મજબૂત રાખો પ્રથમ તીખુ, તળેલુ, ખાટું, આથો લાવીને બનાવેલ વાનગી ઓછી કરવી. શરીરના દુખાવા માટેની, કેલ્શિયમ ચેનલની દવાઓ લેવાનું ઘટાડવું. તમાકુનું કોઈપણ પ્રકારનુ સેવન બંધ કરવુ. આમ છતા ફરિયાદ રહે તો ડોક્ટરની સલાહ અનુસાર સવારનો પોષ્ટિક નાસ્તો અને રાત્રે માત્ર શાકભાજીના સૂપ સાથે ૨- ખાખરા ખાવાથી સ્વાસ્થ્ય સારું રહેશે.મેથો કિલનિક પ્રોસીડિંગ્સ અહેવાલ અનુસાર શહેરોમાં નાગરીકો અઠવાડીયામાં સરેરાશ ૧૮થી ૨૩ કલાક ટીવી સામે બેસી રહે છે. આથી લેવાયેલ ખોરાકમાંથી ૨૭૫ થી ૩૮ યુનિટ કેલેરી વણ વપરાયેલી પડી રહે છે જે ફેટમાં કન્વર્ટ થતા સાધાના દુખાવા, હાડકામા કળતર, લોહીના પરિભ્રમણનાં અટકાવના પ્રશ્નો ઉભા કરે છે. ધ્યાન રહે બે પગ ઉપર ઉભેલા અને હાથ-પગથી ચાલતા શરીર માટે મસ્તિષ્કની દર લાખ પેશીયો સક્રિય રહે છે. આથી વધતી ઉમરે મગજને લોહીના પરીભ્રમણથી પૂસ્તો ઓકિસજન મળે તે જરૂરી છે. આ માટે સવારે ઉઠી પથારીમાં બેસીને અથવા સૂતા-સૂતાલાંબા શ્વાસની કસરત કરી. પાણીની ખાલી પ્લાસ્ટીક બોટલમાં શક્ય દબાણથી હવા ભરવાની કસરત થઈ શકે છે. તે પછી પથારીમાં ક્રમશઃ પગ અને આથ ઉચા કરો. ઊંચા કરો. શયનખંડની બે કિવાલોને અડવાનુ છે તેવી ચેષ્ટાથી શરીરને ખેંચો. જમણે-ડાબે પડખે ફરો. ઊંધા સૂવાનું શક્ય હોય તો પથારીમાંજ ઊંધા સૂઈ ક્રમશઃ હાથ-પગ અને પછી કમરથી ઉંચા થવા પ્રયત્ન કરો. કવારનો ચા-નાસ્તો પૂરો થયા પછી ફરવા જવાનો સમય થયો છે તેમ જાણી બંને હથેળીઓ સામે-સામે ઘસવાની, ખભામાથી હાથ ગોળ-ગોળ ફેરવવાની, કમરથી આગળ-પાછળ નમવાની, ઘૂંટણથી પગને પાછળ વાળવાની, સાથળમાંથી પગને ઊંચા કરવાની કસરત કરો. સ્નાન કરતા પહેલા અનુકુળ હોય તો તેલ ક્રિમથી શરીરને માલિશ કરો અન્યથા નહાતા સાથે સાબુના ફીણ થાય તેમ શરીરને મસાજ આપી પાણી વડે ઘસીને સાફ કરે. શરીરના મસલ્સ, લોહીની નળીઓ માટે આ પ્રકારની ઉષ્મા પ્રેરક કસરત લોહીનુ પરિભ્રમણ વધારશે. શરીરમાં લચીલાપણું જળવાઈ રહેશે.હરતુ ફરતુ પોતાનું કામ કરતુ આનંદિત શરીર સ્વયં તંદુરસ્તીની નિશાની છે. બે રૂમ, રસોડાના નાના ઘરમાં પણ ટી.વી, રેડીયો સાંભળતા ખાતા-પીતા માણસ પોતાના શરીર માટે જરૂરી શ્રમ વેઠી શકે છે. મહાત્મા ગાંધીએ આશ્રમ ભજનાવલીની પ્રસ્તાવનામાં લખ્યું છે, 'કોઈએ ઘરકામ છોડીને ઈશ્વર સ્મરણ માટે બેસવાની જરૂર નથી.' શરીર સ્વાસ્થ્ય માટે જોગસ પાર્ક, કોઈ કલબમાં જવાને બદલે રોજ-બરોજના જીવન સાથે જ આહાર, નિંદ્રા, વ્યાયામ અને મનની સ્વસ્થતાના કાર્યક્રમા જોડી દઈશુ તો આયુષ્ય આનંદમય અને મૃત્યુ સુખસભર બની રહેશે.

# વિશ્વાસની છાયા અને ખંજરની ચમક.!

## વિશ્વાસ સંબંધોને મજબૂત બનાવે છે, વાયદા તેને ટકાવી રાખે છે, પરંતુ નકલી ખુશામત અને દગો સંબંધોને અંદરથી ખોખલા કરી નાખે છે

કરંટ ટોપિક

**વિશ્વાસ અને વાયદા માનવ સંબંધોની સૌથી મજબૂત આધારશિલા છે. જીવનમાં આપણે ઘણી વખત કોઈ આપેલી ખુશીથી એટલા આનંદિત થઈ જઈએ છીએ કે એ ખુશી પાછળ રહેલી લાગણી અને વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું ભૂલી જઈએ છીએ. સમય જતાં ખુશી ઓસી પડે છે અને એ મદદ તથા એ માણસ પણ યાદોની બહાર સરકી જાય છે. પરંતુ એક સમય એવો આવે છે, જ્યારે બધું ફરી યાદ આવે છે—પણ ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે.**

**કહેવત છે કે પાણી વહી ગયા પછી બાંધેલી પાળ કોઈ કામની નથી. એ જ રીતે વીતી ગયેલા સમય પછી વ્યક્ત કરેલી કદર અને આભાર ઘણીવાર અફસોસ પૂરતા જ રહી જાય છે. જ્યારે આભાર વ્યક્ત કરવાનો સમય હતો ત્યારે આપણે સફળતાની દોડમાં વ્યસ્ત હતા અને જ્યારે થંભી વિચારીએ છીએ ત્યારે સંબંધો હાથમાંથી નીકળી ગયા હોય છે.**

**જીવન કેટલું લાંબું છે એ કોઈને ખબર નથી, પરંતુ જીવનમાં સારા અને સાચા લોકો મળવાના મોકા ચોક્કસ ઓછા છે. વિશ્વાસ જીતવો સહેલો નથી. તક તો ઉપરવાળો આપે છે, પરંતુ એ તકને સાચવી રાખવાની સમજ અને સંવેદનશીલતા માણસે જાતે વિકસાવવી પડે છે. આંખો મીંચી મૂકેલો વિશ્વાસ ઘણું બધું આપી જાય છે, પરંતુ એ તૂટી જાય ત્યારે નુકસાન માત્ર સંબંધનું નહીં, આત્મિક શાંતિનું પણ થાય છે.આ સંદર્ભમાં 'વિશ્વાસ, વાયદા, ખુશામત અને ખંજર'—આ ચાર શબ્દો એકબીજાથી અતૂટ રીતે જોડાયેલા છે. વિશ્વાસ એટલે આધાર અને વાયદો એટલે આપેલો શબ્દ. જયાં સુધી આ બંને સાચી લાગણી અને ઈમાનદારીથી જળવાય છે, ત્યાં સુધી સંબંધ પવિત્ર રહે છે. પરંતુ જ્યારે એમાંથી એક તૂટે છે, ત્યારે નકલી ખુશામત જન્મ લે છે અને અંતે દગો—અર્થાત ખંજર—સંબંધોને વિંધે છે.જ્યારે વિશ્વાસ તૂટે છે ત્યારે આંખોમાંથી આંસુ નહીં, પરંતુ દિલમાંથી જ્વાળા નીકળે છે. કહેવત છે કે દગો કોઈ અજાણ્યો નહીં, સગો જ આપે છે. ઘા કદાચ સમય સાથે રૂઝાઈ પણ જાય, પરંતુ કોઈના વિશ્વાસ સામે કરેલી ચાલાકી જીવનભર મનને ચીંધતી રહે છે.**

**સંબંધો ત્યારે જ તૂટવાની અણી પર આવે છે, જ્યારે વિશ્વાસની પેનશીલની અણીએ તમારી જિંદગી લખી હોય અને તમે એ અણીને સાચવવાના બદલે તોડી નાખો. સફળતા પાછળ કોઈની મહેનત અને કોઈનો અડગ વિશ્વાસ છુપાયેલો હોય છે—એને ચમકવા દેજો, નહીં તો એક દિવસ તમારી પોતાની ચમક પણ ઓસી પડી જશે.લાગણીના સંબંધોમાં કપટને સ્થાન આપવું ખતરનાક છે. ભૂલ થઈ હોય તો માફી માગવી કમજોરી નહીં, પરંતુ સંબંધ બચાવવાની તાકાત છે. અંતે એટલું જ યાદ રાખવું જોઈએ કે ઊંચાઈએ પહોંચવું મહત્વનું છે, પરંતુ આવવાનું તો જમીન પર જ છે. અને જ્યાં વિશ્વાસ છે ત્યાં જીત છે; જ્યાં સચ્ચાઈ છે ત્યાં વાયદા છે; અને જ્યાં સાચા સંબંધો છે ત્યાં વેર કે ખંજર માટે કોઈ જગ્યા નથી...અંતે એટલું જ કે સંબંધોમાં જીત હંમેશા આગળ રહેવામાં નથી, ક્યારેક પાછળ હટી વિશ્વાસ બચાવવામાં હોય છે. કારણ કે જ્યાં વિશ્વાસ બચ્યો, ત્યાં સંબંધ બચ્યો—અને જ્યાં દગો આવ્યો, ત્યાં શબ્દો પણ શરમાઈ જાય છે.**

# ભારતીય સંસ્કૃતિના યુગ પ્રવર્તક સ્વામી વિવેકાનંદ

ભારતીય આધ્યાત્મિક પરંપરા અને રાષ્ટ્રીય ચેતનામાં સ્વામી વિવેકાનંદનું સ્થાન અનન્ય છે. તેઓ માત્ર એક સંન્યાસી કે ધાર્મિક ઉપદેશક નહોતા, પરંતુ યુગના વિચારક, માનવતાના સંદેશવાહક અને યુવાનોના માર્ગદર્શક હતા. તેમની વાણીમાં આગ હતી, વિચારોમાં ઊંડાણ હતું અને

**ભારતના આધ્યાત્મિક વારસાને વિદેશમાં ઉજાગર કરનાર સ્વામી વિવેકાનંદ એક મહાન વ્યક્તિ અને યોગી હોવા ઉપરાંત રાષ્ટ્રીય ભાવનાના યુગ પ્રવર્તક વ્યક્તિ તરીકે ઇતિહાસમાં અમર છે. તેમના વિચારો તેમના જેવા તેજસ્વી અને ઉત્સાહ પ્રેરક છે વર્તમાન સમયમાં તેના વિચારોનું મહત્વ અનેક ગણું વધી જાય છે તેઓ ઈચ્છતા હતા કે ભારતનો યુવાન તેજસ્વી બને બળવાન બને અને રાષ્ટ્ર માટે કંઈક કરે સમાજ માટે કંઈક કરે આજે તેમના વિચારોના અમલ થાય તે અતિશય જરૂરી છે**

કાર્યમાં કરુણા તથા આત્મવિશ્વાસનો સમન્વય હતો. ભારતને વિશ્વપટ પર ગૌરવ અપાવનાર આ મહાન પુરુષે આધ્યાત્મિકતાને જીવન સાથે જોડીને નવી દિશા આપી.

સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ કોલકાતામાં થયો હતો. તેમનું બાળનામ નરેન્દ્રનાથ દત્ત હતું. પિતા વિશ્વનાથ દત્ત એક પ્રખર વકીલ હતા અને માતા ભુવનેશ્વરી દેવી ધાર્મિક અને સંસ્કારવાન સ્ત્રી હતા. ઘરના આ વાતાવરણથી નરેન્દ્રનાથમાં વિચારશક્તિ, તાર્કિક બુદ્ધિ અને આધ્યાત્મિક જિજ્ઞાસા વિકસતી ગઈ. બાળપણથી જ તેઓ તીવ્ર બુદ્ધિશાળી, નિર્ભય અને પ્રશ્નકર્તા સ્વભાવના હતા. ''ઈશ્વર છે કે નહીં?'' જેવા પ્રશ્નો તેમના મનમાં સતત ઉદ્ભવતા.

યુવાન વયે નરેન્દ્રનાથની મુલાકાત શ્રીરામકૃષ્ણ પરમહંસ સાથે થઈ. આ મુલાકાતે તેમનું જીવન બદલાઈ ગયું. શ્રીરામકૃષ્ણ માત્ર ઉપદેશક નહોતા, પરંતુ જીવન્ત અનુભવથી ઈશ્વરની અનુભૂતિ કરાવનાર ગુરુ હતા. તેમની સરળતા, નિષ્કપટતા અને ઈશ્વરપ્રેમે નરેન્દ્રનાથને આકર્ષ્યા. ધીમે ધીમે તેઓ ગુરુના પ્રિય શિષ્ય બન્યા. ગુરુના અવસાન પછી નરેન્દ્રનાથે સંન્યાસ ધારણ કર્યો અને ''સ્વામી વિવેકાનંદ'' તરીકે ઓળખાયા.

સ્વામી વિવેકાનંદનું જીવન ત્યાગ, સાધના અને સેવાથી ભરપૂર હતું. તેમણે ભારતભરમાં પદયાત્રા કરીને દેશની સ્થિતિને નજીકથી જોઈ. ગરીબી, અજ્ઞાન, અસ્પૃશ્યતા અને સામાજિક અસમાનતા તેમને વ્યથિત કરતી. તેઓ સમજ્યા કે ભારતની સમસ્યાઓનું મૂળ આત્મવિશ્વાસની કમીમાં છે. તેથી તેમણે આધ્યાત્મિકતાને માત્ર પૂજા-પાઠ સુધી સીમિત ન રાખી, પરંતુ માનવસેવા સાથે જોડીને રજૂ કરી. ''દરિદ્ર નારાયણ''ની સેવા તેમને ઈશ્વરની સેવા જેટલી પવિત્ર લાગી.

૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ સંસદમાં સ્વામી વિવેકાનંદે આપેલું ભાષણ ઐતિહાસિક સાબિત થયું. ''સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ ઓફ અમેરિકા''ના સંબોધનથી તેમણે સમગ્ર સભાને મંત્રમુગ્ધ કરી દીધી. આ એક જ વાક્યમાં ભારતની સહિષ્ણુતા, વૈશ્વિક ભાઈચારો અને માનવતાનો સંદેશ છલકાઈ ઉઠ્યો. તેમણે હિંદુ ધર્મને સંકુચિત કે અંધવિશ્વાસભર્યો નહિ, પરંતુ સર્વધર્મ સમભાવ અને વૈજ્ઞાનિક આધ્યાત્મિકતા ધરાવતો ધર્મ તરીકે વિશ્વ સમક્ષ રજૂ કર્યો. આ ભાષણથી ભારતને વૈશ્વિક માન્યતા મળી.સ્વામી વિવેકાનંદના વિચારોનો કેન્દ્રબિંદુ ''આત્મવિશ્વાસ'' હતો.

તેઓ માનતા કે દરેક માનવીમાં અપાર શક્તિ છુપાયેલી છે. ''ઉઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી અટકો નહિ'' – આ વાક્ય આજે પણ યુવાનોને પ્રેરણા આપે છે. તેઓ યુવાનોને દેશના ભવિષ્યના નિર્માતા માનતા. શારીરિક તાકાત, માનસિક દ્રઢતા અને નૈતિક મૂલ્યોના વિકાસ પર તેમણે વિશેષ ભાર મૂક્યો. તેમના મતે મજબૂત શરીર અને નિર્ભય મન વિના ઊંચી આધ્યાત્મિકતા શક્ય નથી.

શિક્ષણ વિશે પણ સ્વામી વિવેકાનંદના વિચારો અત્યંત પ્રગતિશીલ હતા. તેઓ શિક્ષણને માત્ર માહિતી આપવાનું સાધન નથી માનતા, પરંતુ મનુષ્યની અંદરની પૂર્ણતાને પ્રગટ કરવાનું સાધન ગણતા. તેઓ કહેતા કે સાચું શિક્ષણ તે છે જે માનવીને સ્વાવલંબી, કરુણાશીલ અને જવાબદાર બનાવે. ખાસ કરીને સ્ત્રી શિક્ષણ પર તેમણે ભાર મૂક્યો, કારણ કે તેઓ માનતા કે સ્ત્રી સશક્ત બનશે ત્યારે જ સમાજ સાચી રીતે આગળ વધશે.સ્વામી વિવેકાનંદે ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ માનવસેવા અને આધ્યાત્મિક વિકાસનો સંયોજન છે. શિક્ષણ, આરોગ્ય, રાહતકાર્ય અને આધ્યાત્મિક માર્ગદર્શન જેવા ક્ષેત્રોમાં રામકૃષ્ણ મિશન આજે પણ વિશ્વભરમાં સક્રિય છે. ''આત્માનો ઉદ્ધાર અને જગતનું કલ્યાણ'' – આ સૂત્ર તેમના કાર્યનો આધાર છે.

તેમના વિચારોમાં રાષ્ટ્રપ્રેમ પણ ઊંડે વેરાયેલો હતો. તેઓ ભારતને માત્ર ભૂગોળિક એકમ નહીં, પરંતુ આધ્યાત્મિક શક્તિનું કેન્દ્ર માનતા. તેમને વિશ્વાસ હતો કે ભારત પોતાની આધ્યાત્મિક ધરોહરને આધારે વિશ્વને માર્ગદર્શન આપી શકે છે. પરંતુ તે માટે ભારતીયોને પોતાની સંસ્કૃતિ પર ગૌરવ અને આત્મવિશ્વાસ જરૂરી છે. તેઓ અંધ અનુકરણના વિરોધી હતા અને સ્વાવલંબી વિચારધારાનું સમર્થન કરતા.

સ્વામી વિવેકાનંદનું જીવન ટૂંકું હતું. માત્ર ૩૯ વર્ષની ઉંમરે, ૪ જુલાઈ ૧૯૦૨ના રોજ તેમણે દેહત્યાગ કર્યો. પરંતુ

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

તેમનું વિચારોનું વારસો અમર છે. આજે પણ તેમના ભાષણો, લેખન અને સૂત્રવાક્યો વિશ્વભરમાં વાંચવામાં આવે છે. યુવાનો, શિક્ષકો, સમાજસેવકો અને આધ્યાત્મિક શોધક સૌ માટે તેઓ પ્રેરણાસ્ત્રોત છે.

અંતમાં કહી શકાય કે સ્વામી વિવેકાનંદ માત્ર એક વ્યક્તિ નહોતા, પરંતુ એક વિચારધારા હતા. તેમણે ભારતને પોતાને ઓળખવાનો આત્મવિશ્વાસ આપ્યો અને વિશ્વને માનવતાનો સંદેશ આપ્યો. સરળ જીવન, ઊંચા વિચારો અને નિર્ભય કાર્ય – આ ત્રિવેણી તેમના જીવનનો સાર છે. આજના સમયમાં પણ જો આપણે તેમના વિચારોને જીવનમાં ઉતારીએ, તો વ્યક્તિગત વિકાસ સાથે સમાજ અને રાષ્ટ્રનું પણ કલ્યાણ શક્ય બને. સ્વામી વિવેકાનંદ ખરેખર યુગપ્રવર્તક સંન્યાસી હતા, જેમની જ્યોતિ સદાય પ્રકાશમાન રહેશે.

અહીં સ્વામી વિવેકાનંદના ૫ પ્રસિદ્ધ સુવાક્યો તથા દરેક પર લગભગ ૧૦ લીટીનું સરળ અને સ્પષ્ટ વિવરણ આપવામાં આપેલ છે.

**ઉઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકો નહીં.**

આ સુવાક્ય સ્વામી વિવેકાનંદની પ્રેરણાત્મક વિચારધારાનું સાર છે.

માનવજીવનમાં આળસ અને નિરાશા સૌથી મોટા શત્રુ છે.

ઉઠો એટલે સ્વસચેત બનવું અને પોતાની શક્તિ ઓળખવી.

જાગો એટલે અંધવિશ્વાસ અને ભયમાંથી બહાર આવવું.

લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત પ્રયત્ન કરવાની વાત અહીં છે.

નિષ્ફળતા આવે તો પણ હાર ન માનવી એનું સંદેશ છે.

આ વિચાર યુવાનોને આત્મવિશ્વાસ આપે છે.

દેશ અને સમાજના વિકાસ માટે પણ આ સૂત્ર માર્ગદર્શક છે.

પરિશ્રમ અને ધીરજ સફળતાની ચાવી છે એવું તે સમજાવે છે.

આ સુવાક્ય જીવનને સક્રિય અને અર્થપૂર્ણ બનાવે છે.

**તમે જે વિચારો છો, તમે એ જ બનો છો.**

આ સુવાક્ય માનસિક શક્તિનું મહત્વ દર્શાવે છે.

માનવનું જીવન તેના વિચારો દ્વારા ઘડાય છે.

સકારાત્મક વિચારો સફળતા તરફ દોરી જાય છે.

નકારાત્મક વિચાર મનોબળને નબળું બનાવે છે.

વિચારોથી જ સ્વભાવ અને કર્મ જન્મે છે.

સ્વામીજી માનતા કે મન શુદ્ધ હશે તો જીવન શુદ્ધ બનશે.

આત્મવિશ્વાસ વિચારોથી જ વિકસે છે.

સારા વિચારો સમાજમાં સારા કાર્યો પેદા કરે છે.

આ સુવાક્ય આત્મવિકાસ માટે અત્યંત મહત્વનું છે.

વિચાર સુધારીએ તો ભવિષ્ય આપમેળે સુધરે છે.

**એક વિચાર લો, તેને જીવનનો લક્ષ્ય બનાવો.**

આ સુવાક્ય એકાગ્રતાનું મહત્વ સમજાવે છે.

એક સાથે અનેક લક્ષ્યો પાછળ દોડવાથી સફળતા મળતી નથી.એક વિચાર પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આ વિચાર મન, શરીર અને આત્મામાં ભરવો જોઈએ.

સતત અભ્યાસ અને પરિશ્રમથી જ સિદ્ધિ મળે છે.

મહાન વ્યક્તિઓ એકાગ્રતાથી જ મહાન બન્યા છે.

આ સુવાક્ય વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી છે.

લક્ષ્ય સ્પષ્ટ હશે તો માર્ગ સરળ બનશે.

એકાગ્રતા સફળતાની આધારશિલા છે.

જીવનમાં સ્થિરતા લાવવા આ વિચાર માર્ગદર્શક છે.

**તમારી અંદર અમ શક્તિ છે, તેને ઓળખો.**

સ્વામી વિવેકાનંદ માનવને દૈવી શક્તિનું સ્વરૂપ માનતા.

દરેક મનુષ્યમાં અપાર શક્તિ છુપાયેલી છે.

અજ્ઞાન અને ભયના કારણે આપણે તેને ઓળખતા નથી.

આત્મવિશ્વાસથી આ શક્તિ પ્રગટ થાય છે.

નબળાઈ માત્ર મનની ભ્રાંતિ છે એવું તે કહેતા.

શિક્ષણનો હેતુ આ આંતરિક શક્તિ જાગૃત કરવો છે.


જ્યારે માણસ પોતાને ઓળખે છે ત્યારે તે અશક્યને શક્ય બનાવે છે.

આ વિચાર યુવાનોમાં હિંમત જગાવે છે.

રાષ્ટ્ર નિર્માણમાં પણ આત્મવિશ્વાસ જરૂરી છે.

આ સુવાક્ય સ્વબળ પર વિશ્વાસ શીખવે છે.

**સેવા એ જ ધર્મ છે.**



સ્વામી વિવેકાનંદ માનવસેવાને ઈશ્વરસેવા માનતા.

ભૂખ્યા અને દુઃખી માનવમાં તેમને નારાયણ દેખાતા.

ધર્મ માત્ર વિધિ અને પૂજામાં સીમિત નથી.

સાચો ધર્મ સેવા અને કરુણામાં છે.

સમાજના નબળા વર્ગ માટે કાર્ય કરવું જરૂરી છે.

સેવા દ્વારા મનુષ્ય પોતાની અહંકાર છોડે છે.

આ વિચાર સામાજિક સમરસતા વધારેછે.


રામકૃષ્ણ મિશનનો આધાર આ સિદ્ધાંત છે.

સેવા જીવનને અર્થપૂર્ણ બનાવે છે.

આ સુવાક્ય માનવતાનું સાચું સ્વરૂપ દર્શાવે છે.

# બાંગ્લાદેશ ટી ૨૦ વર્લ્ડ કપ માટે સ્થળ પરિવર્તન અંગે આઈસીસી તરફથી પ્રતિભાવની રાહ જોઈ રહ્યું છે





ઢાકા,

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ અમીનુલ ઇસ્લામ બુલબુલે ભારતમાં ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ રમવા અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેમણે ભારતમાં આગામી ટી ૨૦ વર્લ્ડ કપ રમવા અંગે આઈસીસી સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી છે. જોકે,આઈસીસી તરફથી હજુ સુધી તેમને કોઈ જવાબ મળ્યો નથી. બુલબુલે એમ પણ કહ્યું કે તેમણે આ બાબતે પોતાનું વલણ બદલ્યું નથી અને પોતાના નિર્ણય પર અડગ છે.

ટી ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે, પરંતુ બાંગ્લાદેશે ટુર્નામેન્ટ માટે ભારતનો પ્રવાસ કરવાનો ઇનકાર કર્યો છે. સુરક્ષા ચિંતાઓને ટાંકીને, તેઓએ વિનંતી કરી છે કે તેમની મેચો સહ-યજમાન શ્રીલંકામાં રમાય.બીસીસીઆઈના નિર્દેશોનું પાલન કરીને બાંગ્લાદેશના ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલ ફ્રેન્ચાઈઝ કોલકાતા નાઈટ રાઈડર્સમાંથી બહાર કરવામાં આવ્યા બાદ મામલો વધુ વકર્યો. જોકે, ફ્રેન્ચાઈઝીએ આ માટે કોઈ સ્પષ્ટ કારણ આપ્યું ન હતું.

બુલબુલે તાજેતરમાં મીડિયાને જણાવ્યું હતું કે, "અમને આઈસીસી તરફથી હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. અમે અમારી ચિંતાઓને સમર્થન આપતા બધા પુરાવા મોકલ્યા છે." તેણીએ કહ્યું કે બોર્ડે આઈસીસીને સ્પષ્ટપણે પોતાનો વલણ જણાવ્યું છે અને ભાર મૂક્યો છે કે મેચોને ભારતના બીજા શહેરમાં ખસેડવાથી તેમની ચિંતાઓનો ઉકેલ આવશે નહીં. "અમે ઈચ્છીએ છીએ કે મેચો ભારતની બહાર ખસેડવામાં આવે," તેણીએ કહ્યું. આપણે સરકારની સૂચનાઓનું પાલન કરવું જોઈએ

બીસીબી પ્રમુખે વધુમાં કહ્યું કે ભારત માટે કોઈપણ વૈકલ્પિક સ્થળ આખરે ભારત હશે. "તમે જાણો છો કે કોઈ એકપક્ષીય નિર્ણય લઈ શકાતો નથી, અને આપણે સરકારની સૂચનાઓનું પાલન કરવું જોઈએ. અમે આજે એ જ સ્થિતિમાં છીએ જે થોડા દિવસ પહેલા હતા," તેમણે કહ્યું. બીસીબી પ્રમુખે જણાવ્યું હતું કે જ્યાં સુધી આઈસીસી જવાબ ન આપે ત્યાં સુધી બોર્ડ આગળ કોઈ પગલાં લેશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે આઈસીસી જવાબ ન આપે ત્યાં સુધી જો અમને શ્રીલંકામાં રમવાની મંજૂરી ન મળે તો અમે શું કરીશું તે અંગે તેઓ ટિપ્પણી કરી શકતા નથી.

# મેગ લેનિંગે ડબ્લ્યુપીએલ ઈતિહાસ રચ્યો, એલિસ પેરીનો રેકોર્ડ તાડ્યો



નવીદિલ્હી,

મહિલા પ્રીમિયર લીગ (ડબ્લ્યુપીએલ) ની ચોથી સીઝન શરૂ થઈ ગઈ છે. ચાલુ સીઝનના બીજા મેચમાં યુપી વોરિયર્સ ટીમનો સામનો ગુજરાત જાયન્ટ્સ સામે થયો. આ મેચમાં,યુપી વોરિયર્સની કેપ્ટન મેગ લેનિંગે ઈતિહાસ રચ્યો. તે ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનારી ઓસ્ટ્રેલિયન બેટ્સમેન બની. એકંદરે, તે યાદીમાં બીજા ક્રમે છે, આ સંદર્ભમાં એલિસ પેરીને પાછળ છોડી દે છે.

મેગ લેનિંગ ૨૦૨૩ થી ડબ્લ્યુપીએલમાં કુલ ૨૮ મેચ રમી છે, જેમાં ૩૯.૨૮ ની સરેરાશથી ૯૮૨ રન બનાવ્યા છે, જેમાં નવ અડધી સદીનો સમાવેશ થાય છે. એલિસ પેરીએ ૨૫ મેચોમાં ૬૪.૮૦ ની સરેરાશથી ૯૭૨ રન બનાવ્યા છે. નેટ સાયવર બ્રન્ટ યાદીમાં ટોચ પર છે, તેણે ૩૧ મેચોમાં નવ અડધી સદી સાથે ૧,૧૦૧ રન બનાવ્યા છે. બ્રન્ટ હાલમાં એકમાત્ર બેટ્સમેન છે જેણે આ ટુર્નામેન્ટમાં એક હજારથી વધુ રન બનાવ્યા છે. હવે, મેગ લેનિંગ આગામી મેચોમાં નંબર વન પોઝિશન પર પહોંચવાનું લક્ષ્ય રાખશે.

મેગ લેનિંગે ડબ્લ્યુપીએલમાં બેટિંગ અને કેપ્ટનશીપ બંનેમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. તેણીએ આ ટુર્નામેન્ટમાં ત્રણ સીઝન સુધી દિલ્હી કેપિટલ્સની કેપ્ટનશીપ કરી છે, ત્રણેય વખત ફાઈનલમાં પહોંચી છે. જો કે, દિલ્હીની ટીમ એક પણ વખત ટાઈટલ જીતવામાં નિષ્ફળ રહી.

# અમે એવું વર્તન કરી રહ્યા છીએ કે જાણે બધું બરાબર છે : શાંતોએ વિવાદ પર મૌન તોડ્યું

ઢાકા,

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ તેના પોતાના ખેલાડીઓના વિરોધનો સામનો કરી રહ્યું છે.બીસીબી ભારતમાં ટી ૨૦ વર્લ્ડ કપ મેચો ન રમવા પર આગ્રહ રાખે છે, પરંતુ તે તેના પોતાના આંગણામાં વિરોધનો સામનો કરી રહ્યું છે. હવે, બાંગ્લાદેશના ટેસ્ટ કેપ્ટન નઝમુલ હુસૈન શાંતોએ આ બાબતે પોતાનું મૌન તોડ્યું છે. શાંતો કહે છે કે આવતા મહિને યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમની ભાગીદારી અંગેની અનિશ્ચિતતા ખેલાડીઓ પર અસર કરી રહી છે, પરંતુ તેઓ એવું વર્તન કરી રહ્યા છે કે જાણે બધું બરાબર છે.

શાન્તોએ ભૂતપૂર્વ કેપ્ટન તમિમ ઇકબાલને ભારતીય એજન્ટ કહેવા બદલ BCB ડિરેક્ટર એમ. નઝમુલ ઈસ્લામની પણ ટીકા કરી હતી. બાંગ્લાદેશે માંગ કરી છે કે આઈસીસી તેની મેચો ભારતને બદલે શ્રીલંકામાં રમે. ઋઝમ્એ ભારતમાં સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે.આઈસીસીએ આ બાબતે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ બાંગ્લાદેશના ખેલાડીઓ હવે આ વિવાદ પર પોતાના બોર્ડને નિશાન બનાવી રહ્યા છે.શાન્ટોએ કહ્યું, "સૌ પ્રથમ, જો તમે અમારા વર્લ્ડ કપ પરિણામો જુઓ, તો અમે ક્યારેય સતત સારું ક્રિકેટ રમ્યા નથી. ગયા વર્ષે, અમે સારું રમ્યા, પરંતુ અમારી પાસે વધુ સારી તકો હતી જેનો અમે લાભ લઈ શક્યા નહીં. પરંતુ તમે જોશો કે દરેક વર્લ્ડ કપ પહેલા હંમેશા કંઈક બને છે. ત્રણ વર્લ્ડ કપના મારા અનુભવ પરથી, હું કહી શકું છું કે તેનો ચોક્કસપણે પ્રભાવ પડે છે. હવે અમે એવું વર્તન કરીએ છીએ કે જાણે કંઈ મહત્વનું ન હોય, જાણે કે અમે સંપૂર્ણપણે વ્યાવસાયિક ક્રિકેટર છીએ. તમે લોકો પણ સમજો છો કે અમે ફક્ત ડોળ કરી રહ્યા છીએ; તે સરળ નથી."શાન્ટોએ કહ્યું કે ખેલાડીઓ આ વિક્ષેપોને બાજુ પર રાખીને ટીમ માટે પ્રદર્શન કરવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું, "અલબત્ત, જો આ બધું ન થાય તો તે સારું રહેશે, પરંતુ તે કંઈક અંશે આપણા નિયંત્રણની બહાર છે." ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે, અને બાંગ્લાદેશ તેની ચાર ગ્રુપ સ્ટેજ મેચ ભારતમાં રમશે. આમાંથી ત્રણ કોલકાતામાં અને એક મુંબઈમાં રમાશે. બીસીસીઆઈએ તાજેતરમાં આઈપીએલ ફ્રેન્ચાઈઝ કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) ને બાંગ્લાદેશી ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો. ત્યારથી, બાંગ્લાદેશે ટી૨૦ વર્લ્ડ કપ અંગે ચિંતા વ્યક્ત કરવાનું શરૂ કર્યું છે. બીસીબીએ સુરક્ષા ચિંતાઓનો ઉલ્લેખ કર્યો છે અને માંગ કરી છે કે તેની મેચ શ્રીલંકામાં રમાય.શાંતોએ કહ્યું, "મને આ ઘટનાની વિગતો ખબર નથી, અને મને ખબર નથી કે તેને કેવી રીતે હેન્ડલ કરી શકાય. જોકે, હું કહીશ કે આવી પરિસ્થિતિઓમાં કંઈ કરવું મુશ્કેલ છે. જો આપણે યોગ્ય માનસિકતા સાથે વર્લ્ડ કપમાં જઈએ, અને જ્યાં પણ રમીએ, તો આપણે ટીમ માટે આપણું શ્રેષ્ઠ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ."


# વૈભવ સૂર્યવંશી પછી વધુ ત્રણ ખેલાડીઓએ અડધી સદી ફટકારી : વર્લ્ડ કપ પહેલા ટીમ ઈન્ડિયાનું વિસ્ફોટક પ્રદર્શન




નવીદિલ્હી,

આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ ૧૫ જાન્યુઆરીથી શરૂ થવાનો છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ આ મહત્વપૂર્ણ ટુર્નામેન્ટ માટે જોરશોરથી તૈયારી કરી રહ્યા છે. ભારતીય ટીમ હાલમાં વર્લ્ડ કપ શરૂ થાય તે પહેલા વોર્મ-અપ મેચ રમી રહી છે, જ્યાં તેમનો સામનો પ્રથમ મેચમાં સ્કોટલેન્ડ સામે થયો હતો. ટીમ ઈન્ડિયાએ ડીએલએસ નિયમ હેઠળ આ મેચ ૧૨૧ રનથી જીતી હતી. આ મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી વૈભવ સૂર્યવંશીએ ધમાકેદાર ઈનિંગ્સ રમી હતી અને ત્રણ અન્ય બેટ્સમેનોએ પણ અડધી સદી ફટકારી હતી.આ મેચમાં, ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને ૩૭૪ રન બનાવ્યા હતા. ઓપનર આયુષ મ્હાત્રે ૧૯ બોલમાં ૨૨ રન બનાવીને આઉટ થયો હતો, જ્યારે વૈભવ સૂર્યવંશીએ ૫૦ બોલમાં ૯૬ રન બનાવ્યા હતા. તેણે પોતાની ઈનિંગ્સમાં ૯ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. વૈભવની સાથે, એરોન જ્યોર્જે પણ ૫૮ બોલમાં ૬૧ રન બનાવ્યા હતા. વિહાન મલ્હોત્રાએ પણ ૮૧ બોલમાં ૭૭ રનનું યોગદાન આપ્યું હતું. અભિજ્ઞાન કુંડુએ ૪૮ બોલમાં ૫૫ રન બનાવ્યા હતા. આ મેચમાં એરોન જ્યોર્જ, વિહાન મલ્હોત્રા અને અભિજ્ઞાન કુંડુએ અડધી સદી ફટકારીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આનાથી ભારતને જંગી સ્કોર બનાવવામાં મદદ મળી હતી. દરમિયાન, બોલિંગમાં સ્કોટલેન્ડ માટે ઓલી જોન્સે સૌથી વધુ વિકેટ લીધી, ચાર વિકેટ લીધી.સ્કોટલેન્ડનો દાવ શરૂ થાય તે પહેલાં વરસાદ શરૂ થયો, જેના કારણે મેચ ઘણા સમય માટે રોકવી પડી. વરસાદને કારણે, મેચને પાછળથી ૨૪ ઓવર સુધી ઘટાડી દેવામાં આવી. સ્કોટલેન્ડને ડીએલએસ પદ્ધતિ હેઠળ ૨૩૪ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો. રન ચેઝમાં, સ્કોટલેન્ડ માટે થિયો રોબિન્સને ૩૯ બોલમાં ૩૦ રન બનાવ્યા, જ્યારે ઓલી પિલિંગરે ૫ બોલમાં ૨ રન બનાવ્યા. મેક્સ ચેપ્લિન પણ ૨૨ બોલમાં ૨૨ રન બનાવીને આઉટ થયો.

# પ્રભાસની ‘ધ રાજાસાબ’ ફિલ્મે બીજા દિવસે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો



મુંબઈ,

પ્રભાસ તેની નવી પેન-ઈન્ડિયા રિલીઝ, ’ધ રાજાસાબ’ સાથે મોટા પડદા પર પાછો ફર્યો છે. મારુતિ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ પ્રભાસના કારકિર્દીની સૌથી મોટી ઓપનિંગ હાંસલ કરી શકી ન હતી, પરંતુ શરૂઆતના દિવસની કમાણીની દ્રષ્ટિએ "ધુરંધર" ને પાછળ છોડી દીધી હતી. જોકે, ફિલ્મ ભારતમાં ૧૦૦ કરોડના આંકડે પહોંચી ગઈ છે. આશ્ચર્યજનક રીતે, પ્રભાસ અભિનીત "ધ રાજાસાબ" એ બીજા દિવસે બોક્સ ઓફિસ પર કમાણીમાં નોંધપાત્ર ઘટાડો જોયો. મજબૂત ઓપનિંગ પછી, ફિલ્મે બધી ભાષાઓમાં ફક્ત ૨૭.૮૩ કરોડની કમાણી કરી. આ તેના પહેલા દિવસે ૫૩.૭૫ કરોડની કમાણી કરતા નોંધપાત્ર રીતે ઓછી છે.ડેટા અનુસાર, ફિલ્મે ભારતમાં માત્ર બે દિવસમાં ૯૦.૭૩ કરોડનું ચોખ્ખું કલેક્શન એકત્રિત કર્યું છે. વિશ્વભરમાં કુલ કલેક્શન હવે ૧૩૮.૪ કરોડ છે, જેમાં ૩૦ કરોડ વિદેશમાંથી આવ્યા છે. બે દિવસ પછી, ભારતમાં કુલ કલેક્શન ૧૦૮.૪ કરોડ છે. ફિલ્મની કમાણીમાં પાછલા દિવસની સરખામણીમાં આશરે ૪૮.૨૨% ઘટાડો જોવા મળ્યો.’ધ રાજાસાબ’ ફિલ્મનો શનિવારે એકંદરે તેલુગુ ઓક્યુપન્સી ૪૪.૦૦% રહ્યો.

# "હું તને પ્રેમ કરું છું," છૂટાછેડા પછી માહી વિજ ફરી પ્રેમમાં પડી : રોમેન્ટિક કેપ્શન સાથે સુંદર ફોટો શેર કર્યો



મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી માહી વિજ તાજેતરમાં તેના પતિ જય ભાનુશાલીથી છૂટાછેડા માટે સમાચારમાં હતી. હવે, છૂટાછેડા પછી, માહી વિજ ફરીથી પ્રેમમાં પડી ગઈ છે. માહીએ તેના ઈન્સ્ટાગ્રામ પર આ વાતનો ખુલાસો કર્યો. રોમેન્ટિક ફોટો શેર કરતા માહીએ એક ભાવનાત્મક કેપ્શન પણ શેર કર્યું. માહી વિજે તેના સારા મિત્ર નદીમને ઈન્સ્ટાગ્રામ પર તેના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી, કહ્યું કે નદીમ અને માહી એક છે કારણ કે તેમના આત્માઓ જોડાયેલા છે. નદીમને કેક ખવડાવતો પોતાનો ફોટો શેર કરતાં માહીએ લખ્યું, "મેં પસંદ કરેલી વ્યક્તિને જન્મદિવસની શુભકામનાઓ, આકસ્મિક રીતે નહીં, પણ હૃદયથી. એ વ્યક્તિને જે મારી વાત સાંભળે છે, એ વ્યક્તિને જે મારી વાત સાંભળે છે, એ વ્યક્તિને જે મારી ફરજ પડે એટલે નહીં, પણ તેની ઈચ્છાને કારણે મારી સાથે રહે છે - તું મારો પરિવાર, મારો આશ્રય, મારો કાયમનો સાથી છે."માહીએ પોસ્ટમાં આગળ ઉમેર્યું, "તું ફક્ત મારો શ્રેષ્ઠ મિત્ર નથી, તું મારો ટેકો, મારી શક્તિ, મારું ઘર છે. તારી સાથે, હું મારી જાત બની શકું છું - તૂટેલી, ખુશ, ભાવનાત્મક, અપૂર્ણ - અને છતાં પણ સંપૂર્ણપણે સ્વીકૃત અને પ્રેમાળ અનુભવું છું. હા, ક્યારેક આપણે ગુસ્સે થઈએ છીએ. હા, આપણે લડીએ છીએ. હા, ક્યારેક આપણે દિવસો સુધી વાત કરતા નથી." પરંતુ મૌન ગમે તેટલું લાંબું રહે, તે હંમેશા એક જ જગ્યાએ સમાપ્ત થાય છે - આપણી વચ્ચે. કારણ કે આપણે બંને ઊંડાણપૂર્વક જાણીએ છીએ કે નદીમ અને માહી એક છે. આપણા આત્માઓ એવી રીતે જોડાયેલા છે જે શબ્દો સંપૂર્ણપણે વર્ણવી શકતા નથી.માહીએ એમ કહીને અંત કર્યો કે નદીમ તેના જીવનના સૌથી મુશ્કેલ સમયમાં તેની સાથે ઉભો રહ્યો છે, "જીવન હંમેશા સરળ નહોતું, પરંતુ તારી સાથે રહેવાથી બધું હળવું, મજબૂત અને સારું બને છે. જ્યારે હું નબળો હોઉં છું ત્યારે તું મારો હાથ પકડે છે, જ્યારે હું મારી જાત પર વિશ્વાસ કરવાનું ભૂલી જાઉં છું ત્યારે તું મારા પર વિશ્વાસ કરે છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બિ | ગ | ત | હા | દ | ન | ક્ષ | વિ | લ | ગ | ફ | ૨ |
| મો | દ | ક | ર | ળો | ર | ક | જ્ઞા | ઊ | ગ | ધ | અ: |
| ભો | દ | બ | બં | ડી | ણ | કી | ન | લી | હિ | ણા | લી |
| ઉ | ર | ઓ | ધ | વિ | કા | દ | સા | ગ | દ | ત | તુ |
| મ | બા | ગ | બૂ | ચા | ર | લ | કા | શિ | ક્ષ | ક | ત |
| સા | વા | લા | લ | ર | બિ | ધ | અં | કા | ર | ઔ | કા |
| અ | લ | બ | શિ | ણા | સા | ણે | હા | સ | ર | ડો | પ્રા |
| ક | દ | સ | સા | ક્ષ | ન | ડો | ણા | મો | કા | બ | વા |
| સ | ળ | મો | ણ | કા | ણ | કા | ધ | અં | શિ | દ | સ |
| શિ | વિ | આ | ગ | ક | ભા | વા | રા | ભ | અ | ર | કી |
| બં | દા | બ | સા | ન | દ | મો | ગ | ણે | વા | જી | મ |
| જી | શિ | બા | ર | સા | ખ | લ | દ | ળો | બા | મા | કા |

**શબ્દ શોધો:** મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ

# દીપિકા પાદુકોણ ન્યૂ યોર્કમાં તેના નજીકના મિત્રના લગ્નમાં દુલ્હન બની, પતિ રણવીર સિંહ પણ હાજર રહ્યા



મુંબઈ,

દીપિકા પાદુકોણ આ દિવસોમાં કેમેરાથી દૂર રહીને ખૂબ મજા કરી રહી છે. તેણીએ તેની શ્રેષ્ઠ મિત્ર સ્નેહા રામચંદરના લગ્નમાં ખૂબ મજા કરી, જેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

સ્નેહા રામચંદરના લગ્ન ન્યૂ યોર્કમાં થઈ રહ્યા છે, જ્યાં દીપિકા તેના મિત્રના લગ્નમાં દુલ્હન તરીકે કામ કરી રહી છે. લગ્નના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. દીપિકા તેમાં એકદમ સુંદર લાગી રહી છે. એક ખાસ ફોટામાં, તે જાંબલી રંગની બાંધણી (પ્રિન્ટેડ) ડિઝાઈનર સાડી પહેરેલી જોવા મળે છે જેમાં સુંદર બોર્ડર, ભરતકામ કરેલું બ્લાઉઝ, મેચિંગ ચોકર, મોટા કાનના બુટ્ટી અને બંગડીઓ છે. તેના વાળ સુંદર બનમાં બાંધેલા છે.

રણવીર સિંહ પણ ન્યૂ યોર્ક પહોંચી ગયો છે અને લગ્નની વિધિઓમાં હાજરી આપી રહ્યો છે. દીપિકા અને રણવીરે ૨૦૨૬ ના નવા વર્ષની શરૂઆત ન્યૂ યોર્કમાં વિતાવી છે. રણવીર અને દીપિકાના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર ચાહકોમાં વાયરલ થઈ રહ્યા છે.

"કિંગ" ફિલ્મમાં શાહરૂખ ખાન સાથે દીપિકા જોવા મળશે તેવું જાણવા મળ્યું છે. આ એક્શનથી ભરપૂર ફિલ્મનું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે. શાહરૂખની પુત્રી સુહાના ખાન પણ આ ફિલ્મમાં ડેબ્યૂ કરી રહી છે. રાની મુખર્જી, અભિષેક બચ્ચન અને અન્ય કલાકારો પણ આ ફિલ્મમાં અભિનય કરી રહ્યા છે. આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની છે.

રણવીર સિંહની ફિલ્મ "ધુરંધર પાર્ટ ૨" ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ એક્શન થ્રિલર ફિલ્મમાં આર. માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત પણ તેમની મૂળ ભૂમિકાઓમાં પાછા ફર્યા છે.

# રાજકોટ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં 'કેન્ટીન સુવિધા'નો શુભારંભ

## દર્દીઓને ઘર જેવું ભોજન ઉપલબ્ધ કરાવવાની મહત્વપૂર્ણ પહેલ





રાજકોટ,
પશ્ચિમ રેલવેની રાજકોટ ડિવિઝન રેલવે હોસ્પિટલમાં દર્દીઓની સુવિધાઓને નવી ઊંચાઈઓ પર લઈ જતાં આજે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રાજકોટ ડિવિઝન રેલવે પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ હોસ્પિટલ પરિસરમાં નવીનીકૃત અને અત્યાધુનિક 'કેન્ટીન સુવિધા'નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પહેલ હોસ્પિટલમાં દાખલ દર્દીઓ, તેમના પરિજનો અને રેલવે કર્મચારીઓ માટે વધુ સારા સ્વાસ્થ્ય અને પોષણને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મોટું પગલું છે.

છેલ્લા ત્રણ વર્ષથી મર્યાદિત સંસાધનો હોવા છતાં હોસ્પિટલ વહીવટીતંત્ર રસોઈ સેવાઓનું સંચાલન કરી રહ્યું હતું. દર્દીઓની વધતી જતી સંખ્યા અને ગુણવત્તાયુક્ત ભોજનની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટીતંત્રે હવે તેને વ્યાવસાયિક ખાનગી એજન્સી દ્વારા આઉટસોર્સ કરવાનો સાહસિક નિર્ણય લીધો છે. આનાથી માત્ર ભોજનની નિરંતરતા જ જળવાઈ રહેશે નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્વચ્છતાના ધોરણોનું પાલન પણ સુનિશ્ચિત થશે.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝન રેલવે પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે: "રેલવે હોસ્પિટલ માત્ર સારવારનું કેન્દ્ર નથી, પરંતુ માનવીય સંવેદનાઓ સાથે જોડાયેલી સંસ્થા છે. દર્દીઓ અને તેમના પરિજનોને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ કરાવવું એ અમારી જવાબદારી છે. આ નવી આઉટસોર્સ્ડ કેન્ટીન સુવિધા તે જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે."

કેન્ટીનની મુખ્ય વિશેષતાઓ અને લાભ: ૧) દર્દીઓ માટે આશીર્વાદ: હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમની સાથે આવતા પરિજનોને હવે હોસ્પિટલ પરિસરની અંદર જ સ્વચ્છ, ગરમ અને પૌષ્ટિક ભોજન તેમજ નાસ્તો ઉપલબ્ધ થશે. ૨) ગુણવત્તાનું કડક નિરીક્ષણ: ભોજનની ગુણવત્તા અને શુદ્ધતા જાળવી રાખવા માટે એક વિશેષ 'હોસ્પિટલ કિચન નિરીક્ષણ સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિ પૂર્વ સૂચના આપ્યા વિના નિયમિત તપાસ કરશે. ૩) કર્મચારી કલ્યાણ: હોસ્પિટલના કર્મચારીઓ પણ નિયત દરો પર આ આધુનિક કેન્ટીન સેવાનો લાભ લઈ શકશે, જેનાથી તેમની કાર્યક્ષમતા અને મનોબલમાં વધારો થશે.

મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. રાજ કુમારે આ પ્રસંગે જણાવ્યું હતું કે આ સુવિધા 'પેશન્ટ-ફર્સ્ટ' એટલે કે 'દર્દી પ્રથમ'ની વિચારધારાનું પરિણામ છે. અમારો ધ્યેય માત્ર સારવાર કરવાનો જ નહીં, પરંતુ હોસ્પિટલમાં રોકાણના અનુભવને સુખદ અને તણાવમુક્ત બનાવવાનો પણ છે. આ ઉદ્ઘાટન સમારોહ દરમિયાન ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ, તબીબી સ્ટાફ અને કર્મચારી સંગઠનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલ રાજકોટ રેલવે ડિવિઝનની દીર્ઘદ્રષ્ટિ અને વહીવટી કાર્યક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

# સંસદીય સમિતિની પોંડીચેરી ચેન્નાઈ ખાતે બેઠકમાં હાજરી આપતા રાજ્ય સભાના સભ્ય રામભાઈ મોકરીયા



રાજકોટ,
ભારત સરકારની પાર્લામેન્ટની ગ્રાહક અંગેની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગની સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રીમતી કનીમોજી કરુણાનિધિ (એમ.પી.) ના અધ્યક્ષ સ્થાને તા.૦૫.૦૧. ૨૦૨૬ થી તા.૦૯.૦૧.૨૦૨૬ દરમ્યાન પોંડીચેરી, ચેન્નાઈ અને હેવલોક (સ્વરાજ દ્વીપ) ખાતે બેઠકો મળેલ હતી.

આ બેઠકોમાં પોંડીચેરીમાં પેટ્રોલ અને પેટ્રોલીયમ પ્રોડક્ટ્સ જેવી આવશ્યક વસ્તુઓ પૂરી પાડવા તથા ખાદ્ય સામગ્રી (અનાજ) અંગેની સબસીડી નો સીધો લાભ પોંડીચેરી વિસ્તારને મળે તે બાબતે અને તામીલનાડુ રાજ્યને રેલ્વે મારફત ખાદ્ય સામગ્રી પૂરી પાડવા અંગે ખાસ વ્યવસ્થા કરવા તથા આંદમાન અને નિકોબાર નાં સંદર્ભમા ખાદ્ય સામગ્રી નાં સ્ટોરેજ માટેની હાલની માળખાકીય સુવિધાઓ અને ભવિશ્યમાં કેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડી શકાય તેમ છે તેનું આયોજન થઇ શકે તે અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

આ તમામ બેઠકોમાં રાજ્યસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયાએ હાજર રહી સક્રિય ભાગ લીધેલ હતો તથા કાર્યક્રમ દરમ્યાન પર્યાવરણ સુધારણા હેઠળ "એક પેડ મા કે નામ" અભિયાન અતર્ગત શ્રી રામભાઈ મોકારીયાને હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું તેમજ સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત, આંદમાન અને નિકોબાર ટાપુ પર આવેલ રાધાનગર ખાતે શિવમંદિર ખાતે દર્શન અને પૂજા અર્ચના કરેલ હતી.

# રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ગટર ઉભરાઈ: ગંદા પાણી ફરી વળ્યાં



રાજકોટ,
રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજ અનેક દર્દીઓ સારવાર મેળવે છે. બીમારીમાં સપડાયેલા લોકો અહી સાજા થવા માટે આવે છે. ત્યારે અહી સ્વચ્છતા રાખવી ખૂબ જ અગત્યની બની જતી હોય છે. તેમાં પણ સિવિલ હોસ્પિટલમાં મચ્છરોનો ઉપદ્રવ રહેતો હોવાની સમસ્યા પણ રહી છે. તેવા સમયે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વિભાગ પાસે જ ભૂગર્ભ ગટર ઉભરાવવાની ઘટના બની હતી અને ગંદા પાણી સિવિલ હોસ્પિટલના પટાંગણમાં નદીની જેમ વહી ગયા હતા. આ ગંદા પાણી પરથી દર્દીઓ અને તેમના સગાને પસાર થવું પડ્યું હતું. ગંદકીના કારણે દર્દીઓ પણ હાલાકીમાં મુકાઈ તો નવાઈ નહી. સિવિલ હોસ્પિટલ સૂત્રોએ જણાવ્યું કે, અવાર નવાર અહી ભૂગર્ભ ગટર અને જાહેર શૌચાલયની ગટરો ઉભરાઈ રહી છે.

# સોમનાથ સ્વાભિમાન પર્વમાં સોમનાથ, સાગર અને સંગીતના ત્રિવેણી સંગમમાં ભક્તિના રંગે રંગાયા શ્રદ્ધાળુઓ



### કીર્તિ-કરશન સાગઠિયા અને હાર્દિક દવેની સુરભરી રમઝટ અને રાજભા ગઢવીના સાહિત્યથી દેશભક્તિ અને શિવભક્તિનો અનોખો માહોલ સર્જાયો

મિતેશ પરમાર, વેરાવળ,
સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત મંદિર પરિસર ખાતે દરરોજ રાત્રે આયોજિત થતી સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં ૯ જાન્યુઆરીની રાતે સાગર, સોમનાથ અને સંગીતનો અનોખો તથા અલૌકિક સમન્વય સર્જાયો હતો.

સાગરની લહેરોની ગર્જના, સોમનાથ મહાદેવની પાવન હાજરી અને સંગીતની સુમધુર સૂરલહેરીઓએ સમગ્ર પરિસરને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઊર્જાથી ભરપૂર બનાવી દીધુ હતું. આ ભવ્ય સાંસ્કૃતિક સાંજમાં પ્રખ્યાત ગાયક કીર્તિ સાગઠીયા તથા લોકપ્રિય લોકગાયક કરશન સાગઠિયાની જોડીએ મહાદેવના ભાવસભર ભજનો, વિવિધ ગરબા અને લોકપ્રિય ગીતોની મનમોહક રજૂઆત કરી હતી. સંગીતના તાલ સાથે શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા હતા અને દરેક રચનાએ ભક્તિ, સંસ્કૃતિ અને લોકભાવનાનો સંગમ સર્જ્યો હતો. સાથે જ કલાકાર હાર્દિક દવેએ શિવ સ્તુતિ, શિવ ભજન અને પાનબાઈના ભજનની રંગત જમાવી હતી, જેમાં

એકતારાના સૂરે અલગ જ ભક્તિમય માહોલ બાંધ્યો હતો. કાર્યક્રમના અંતમાં જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ લોક સાહિત્યના વિવિધ રસની શૈલીમાં રજૂઆત કરી હતી જેને ઉપસ્થિત સૌ કોઈએ મન ભરીને માણી હતી. રાજભા ગઢવીએ સોમનાથના ઐતિહાસિક પ્રસંગો રજૂ કર્યા હતા જેનાથી માહોલમાં શિવભક્તિ અને દેશભક્તિનું અદભૂત સંયોજન જોવા મળ્યું હતું.

સોમનાથ મંદિર પરિસરમાં યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન યાત્રાળુઓ અને સ્થાનિક નાગરિકોએ એક અલૌકિક અનુભૂતિ માણી હતી. સંગીતની સૂરલહેરીઓ સાગરની લહેરોમાં ગૂંજી ઉઠી હતી અને સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીને વધુ ગૌરવસભર અને સ્મરણિય બનાવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ગુજરાતની લોકસંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને સાંસ્કૃતિક વારસાનું સુંદર પ્રસ્તુતિકરણ થયું હતું.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા ડો.પ્રદુમનભાઈ વાજા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ, અગ્રણી શ્રી શિવાભાઈ સોલંકી સહિત બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા થેલેસેમીયાગ્રસ્ત બાળકોના લાભાર્થે રકતદાન કેમ્પ યોજાયો



રાજકોટ:
સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ – રાજકોટ (જામનગર રોડ ઝોન/ગાંધીગ્રામ ઝોન) તેમજ પરસોંડા એસોસીએશન દ્વારા તાજેતરમાં રોજ એડવોકેટશ્રી સ્વ. શૈલેષભાઈ પરસોંડા સાહેબની ૧૨ મી પુણ્યતિથિ નિમિતે થેલેસેમીયા ગ્રસ્ત બાળકોના લાભાર્થે રકતદાન કેમ્પનુ આયોજન શ્રેયાંશ સ્કૂલ બજરંગવાડી, શેરી નં. ૦૧, જામનગર રોડ રાજકોટ ખાતે યોજવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં દાતાશ્રીઓએ રકતદાન કરેલ.

આ રક્તદાન કેમ્પનું આયોજન પરસોંડા એસોશીએટસના વડિલશ્રી હરેશભાઈ પરસોંડા તેમજ જામનગર રોડ ઝોન પ્રમુખશ્રી કેતનભાઈ પ્રજાપતિ અને ગાંધીગ્રામ ઝોન પ્રમુખશ્રી રાણાભાઈ ગોજીયા દ્વારા નક્કી કરવામાં આવેલ. જેને સફળ બનાવવા વિવિધ મંડળો પણ સાથે જોડાયેલ.આ કેમ્પનું સફળ આયોજન કરવા માટે શ્રેયાંશ સ્કૂલ (બજરંગવાડી) ના ફાઉન્ડર ટ્રસ્ટીશ્રીઓ ડો. ચિરાગભાઈ માઢક, પ્રશાંતભાઈ જાની, મહેશભાઈ મહેતા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

આ રકતદાન કેમ્પમાં ગુજરાત રાજ્ય મહામંડળના અધ્યક્ષશ્રી ભરતભાઈ ગાજીપરા સાહેબ, મહામંડળના સૌરાષ્ટ ઝોન પ્રમુખશ્રી અજયભાઈ પટેલ, સ્વનિર્ભર શળા સંચાલક મંડળ – રાજકોટના પ્રમુખશ્રી અવધેશભાઈ કાનગડ, મહામંત્રીશ્રી ઉર્વેશભાઈ પટેલ, કોરકમીટીના સહમંત્રીશ્રી વિનયભાઈ લોખીલ, વર્તમાન ગાંધીગ્રામ ઝોન પ્રમુખશ્રી રાણાભાઈ ગોજીયા, ગાંધીગ્રામ ઝોન કારોબારીશ્રી કુલદીપભાઈ ભાટીયા, શ્રી હરદાસ પટેલ, પૂર્વઝોન પ્રમુખશ્રી નકાણીસર, વડીલ સંચાલકો શ્રી દુદાભાઈ ભાટીયા, શ્રી મનવીરભાઈ કુગશીયા, શ્રી મુકેશભાઈ લોખીલ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ખાતે જાગનાથ મહાદેવના સાનિધ્યમાં સોમનાથ શિવ વંદનાનો કાર્યક્રમ યોજાયો



રાજકોટ,
પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીની ભક્તિ ભાવપૂર્ણ સંકલ્પના અંતર્ગત આયોજિત "ભગવાન સોમનાથ સ્વાભિમાન પર્વ અને ૧૦૨૬ થી ૨૦૨૬" ૧૦૦૦ વર્ષની ગાથાને ઉજાગર કરતો "શ્રી સોમનાથ શિવ વંદના"નો કાર્યક્રમ ગુજરાત સરકારના મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ શ્રી કમલેશ જોષીપુરાના માર્ગદર્શન અંતર્ગત જાગનાથ મહાદેવ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા તથા શ્રી કમલેશ જોષીપુરા ઉપરાંત રાજકોટ મહાનગર અધ્યક્ષશ્રી માધવભાઈ દવે, પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી ઉમેશ રાજયગુરુ, ધારાસભ્યો દર્શિતાબેન શાહ તથા શ્રી રમેશભાઈ ટીલાળા, મહાનગરપાલિકાના મુખ્ય દંડક શ્રી મનીષભાઈ રાડીયા, પ્રથમ મહિલા મેયર શ્રીમતી ભાવના જોશીપુરા, વરિષ્ઠ અગ્રણીઓ, સ્ટેન્ડિંગ કમિટીના સભ્યશ્રી નેહલ શુક્લ, શ્રી માવજીભાઈ ડોડીયા, નાગરિક સહકારી બેંકના સ્થાનિક સમિતિ ડાયરેક્ટર શ્રી મુરલીભાઈ દવે તેમજ શ્રી પ્રતાપ કોટક, મહામંત્રી શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ ધારાસભ્ય શ્રી લાખાભાઈ બગડા , પૂર્વ દંડક શ્રી પરમાર, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નલિનભાઈ ઝવેરી, કોર્પોરેટર વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા,અધિવક્તા પરિષદના પ્રમુખ શ્રી પ્રશાંતકુમાર જોશી, પૂર્વ મહામંત્રી શ્રી નરેન્દ્રસિંહજી ઠાકોર, સરકારી લો કોલેજના પ્રિન્સિપાલ શ્રી કમલેશ બુધભટ્ટી, જસાણી કોલેજના પ્રિન્સિપાલ ફાલ્ગુનીબેન શાસ્ત્રી, કોટક સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી વિરડીયા, ધર્મેન્દ્રસિંહજી કોલેજના પ્રિન્સિપાલ શ્રી રાવલ,વોર્ડ નંબર સાતના પ્રમુખશ્રી વિશાલ માંડવીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત રોશનીથી ઝળહળ્યું સોમનાથનું જોડિયું શહેર

## વેરાવળ ટાવર ચોક, નગરપાલિકા સહિતના સ્થળોએ રોશની કરવામાં આવી



વેરાવળ,
પુરાણોમાં જેનો ઉલ્લેખ પ્રભાસ ખંડ તરીકે છે એવું સોમનાથ (પ્રભાસ પાટણ) સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને આવકારવા આતુર બન્યું છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત વડાપ્રધાનશ્રીના આગમન પૂર્વે સોમનાથ (પ્રભાસ પાટણ)માં હમીરજી ગોહિલની પ્રતિમા, શંખ સર્કલ, લીલાવતી સહિતના સ્થળો રોશનીથી ઝળહળી રહ્યાં છે.

આ જ રીતે સોમનાથ (પ્રભાસ-પાટણ) સાથે જેની ઓળખ જોડિયા શહેરની છે, એવા વેરાવળના હાર્દ સમા વિસ્તાર ટાવર ચોક, નગરપાલિકા સહિતના સ્થળોએ રોશની કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, જયારે દિવાળીનો તહેવાર હોય છે ત્યારે વેરાવળની સટ્ટા બજાર સહિતના સ્થળો રોશનીથી ઝગમગી ઉઠતા હોય છે. આ રોશનીને જોવા માટે લોકો ગ્રામ્ય વિસ્તારમાંથી પણ વેરાવળમાં આવતા હોય છે, એવી જ રીતે સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત કરવામાં આવેલી રોશની નિહાળવા માટે નાગરિકો ઉમટી પડ્યા છે.

# ગુજરાત રિજનલ સમિટમાં ગુજરાતના હોલ-૬માં વન વિભાગનો સ્ટોલ



રાજકોટ,
૧૦-વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ સૌરાષ્ટ્ર અને કચ્છ મારવાડી યુનિવર્સિટીના કેમ્પસમાં ઉજવાઈ રહ્યું છે. ગુજરાતના પનોતા પુત્ર અને માનવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તારીખ ૧૧ના રોજ વાઈબ્રન્ટ સમિટના શુભારંભ પ્રસંગે પધારી રહ્યા છે ત્યારે વિવિધ વિભાગોના તથા કંપનીઓના એક્ઝિબિશન સ્ટોલ્સ પણ ખૂબ આકર્ષણ જમાવી રહ્યા છે અનેકવિધ વિભાગોના સ્ટોર્સમાં ખાસ ગુજરાત રાજ્ય વન વિભાગ નો પ્રદર્શન સ્ટોલ ઉડીને આંખે વળગે તેટલો સુંદર છે સૌરાષ્ટ્ર અને કચ્છના પરિસર તંત્રો આબેહૂબ તેમાં ઝીલવામાં આવ્યા છે.

વેળાવદરના ઘાસિયા મેદાનો ખીજડીયાનું પક્ષી અભયારણ્ય મેંગરુનો મિસ્ત્રી પ્રોજેક્ટ કરુણા અભિયાન અને એશિયાઈ સિંહનું બીજું ઘર એવા બરડા ડુંગરની વાત ખૂબ આબેહૂબ શિલ્પ ડાયોરમા થકી થઈ છે જે સૌના મન મોહી લે અને પરિસર તંત્રો પ્રત્યે જાગૃતિ તથા આકર્ષણ પેદા કરે તેટલા સુંદર છે આ ઉપરાંત ઈમરસીવ ટેકનોલોજીનો પણ સુંદર ઉપયોગ કરવામાં આવ્યો છે જાહેર સ્ક્રીન ઓગમેન્ટેશન તેમાં પ્રાણીઓ સાથે જ આપણે હાલતા ચાલતા હોઈએ તેવો ભાસ થાય તથા ટેબોગમેન્ટેશનમાં પ્રાણીઓ ઉમમાં જોઈ શકાય તથા પગથી પતંગિયાઓ ઉડાડવાની મજા કંઈક અનેરી છે. વાઈબ્રન્ટ ગુજરાતના પ્રદર્શનની મુલાકાતે જ્યારે જાઓ ત્યારે હોલ છમાં આવેલ વન વિભાગના સ્ટોલની મુલાકાત લેવાનું ચૂકશો નહી.

# ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે સંસદનું બજેટ સત્ર : ૨૯મીએ આર્થિક સર્વેક્ષણ રજૂ થશે

## નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે



નવી દિલ્હી

સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. આ માહિતી શુક્રવાર, નવમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા રજૂ કરાયેલ એક નોંધ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

સત્તાવાર નોંધ અનુસાર, બજેટ સત્ર ૨૮ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે અને બીજી એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ એકત્ર થશે.

સરકાર ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ રજૂ કરશે અને ૨૦૨૬-૨૭ માટે કેન્દ્રિય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. બજેટ શેડ્યૂલ અંતર્ગત, બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ બેઠક યોજશે.

બજેટ સત્ર માટેની મુખ્ય તારીખો સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવી છે, જે મુજબ, સંસદીય સત્રનો પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરશે, જ્યારે આર્થિક સર્વે ૨૯ જાન્યુઆરીએ રજૂ કરવામાં આવશે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે, જ્યારે આઝાદી પછીનું દેશનું આ ૮૮મું બજેટ હશે. અગાઉ, દેશનું આર્થિક અંદાજપત્ર ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવતું હતું, પરંતુ ૨૦૧૭ થી, તે પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે. આવું એટલા માટે છે કારણ કે બજેટ દરખાસ્તો આગામી નાણાકીય વર્ષથી, એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થઈ શકે છે. બજેટ સામાન્ય રીતે લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવે છે.

# એઆઈ Grok પર અશ્લીલતા ફેલાવતા ૬૦૦ એકાઉન્ટ ડિલીટ કરવામાં આવ્યા

## સરકારે નોટિસ ફટકાર્યા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મની ભારતીય કાયદાનું પાલન કરવાની ખાતરી

નવી દિલ્હી,

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા ભારતીય કાયદાઓનું પાલન કરવાની ખાતરી આપવામા આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે અત્યાર સુધીમાં લગભગ ૩,૫૦૦ પોસ્ટ્સ બ્લોક કરી છે અને ૬૦૦થી વધુ એકાઉન્ટ્સ કાયમી ધોરણે ડિલીટ કરી દીધા છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે હવેથી પ્લેટફોર્મ પર કોઈપણ પ્રકારની અશ્લીલ સામગ્રી ચલાવી નહીં લેવાય.

ચેટબોટ 'Grok'માં એક 'ઈમેજ જનરેશન' ફીચર હતું, જેનો ઉપયોગ કરીને યુઝર્સ અશ્લીલ અને આપત્તિજનક તસવીરો બનાવી રહ્યા હતા. ખાસ કરીને મહિલાઓની વાંધાજનક તસવીરો બનાવીને તેને પ્લેટફોર્મ પર શેર કરાતી હતી. આ બાબતે ભારત સરકારના આઈટી મંત્રાલયે કડક વલણ અપનાવીને 'ઠ' ને નોટિસ પાઠવી હતી અને આવી સામગ્રી તાત્કાલિક હટાવવા અથવા કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવા ચેતવણી આપી હતી.

કંપનીએ સ્વીકાર્યું છે કે તેમની સિસ્ટમમાં ખામી હતી અને તેઓ હવે ભારતના ડિજિટલ કાયદા મુજબ કડક ફિલ્ટર્સ અમલમાં મૂકશે. આ મુદ્દો માત્ર ભારતમાં જ નહીં, પણ અમેરિકા, બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની અને મલેશિયા સહિતના દેશોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. આ દેશોએ ર્ગી છૈં ચેટબોટ સામે તપાસની માંગ કરી છે. એટલું જ નહીં, અમેરિકાના સેનેટરોએ એપલ અને ગૂગલને પત્ર લખીને તેમના એપ સ્ટોર્સમાંથી એપને દૂર કરવાની માંગ કરી છે, જેના થકી વાંધાજનક તસવીરો સર્જી શકાય છે.

# ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક શંકાસ્પદ સેટેલાઈટ કમ્યુનિકેશન ટ્રેક થતા સુરક્ષાદળો સતર્ક

## જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ભારતીય સેનાએ સંયુક્ત રીતે વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું



શ્રીનગર,

પ્રજાસત્તાક દિવસને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે, એ પહેલ સીમા પાર બેઠેલા આતંકવાદી સંગઠનો વધુ સક્રિય થઈ ગયા છે. જમ્મુના કાનાચક વિસ્તારમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ એક કિલોમીટર દુર શંકાસ્પદ સેટેલાઈટ કમ્યુનિકેશન ટ્રેક થતા સુરક્ષાદળો સાવધ થઈ ગયા છે અને સર્ચ ઓપરેશન શરુ કર્યું છે.

ભારતની ગુપ્તચર એજન્સીઓએ સરહદી વિસ્તારમાં થુરાયા સેટેલાઈટ કમ્યુનિકેશન ડિવાઈસનો ઉપયોગ થઈ રહ્યો હોવાની જાણ થઈ હતી. જે અંગે સુરક્ષા દળોને જાણ કરવામાં આવી અને તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી.

જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ભારતીય સેનાએ સંયુક્ત રીતે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, હાલ વિસ્તારની નાકાબંધી કરી છે. હાલ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીનમાં જણાવ્યા મુજબ આગામી પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન અશાંતિ ફેલાવવા ના પ્રયસો કરવામાં આવી રહ્યા છે. વિસ્તારમાં સક્રિય આતંકવાદીઓને શોધી કાઢવામાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડાપ્રધાન મૌલાના મસૂદ અઝહરે એક ઓડિયો મેસેજમાં કહ્યું હતું કે તેમની પાસે આત્મઘાતી હુમલા માટે હજારો ફિદાયીન તૈયાર છે. એવાં ભારતીય ગુપ્તચર એજન્સીઓ આને સુરક્ષા દળો કોઈ પણ પ્રકારની કચાસ છોડવા ઈચ્છતા નથી.

# ચાંદીમાં રોકાણ કરનારાઓને ચાંદી જ ચાંદી : ૧૬૪ ટકા વળતર મળ્યું

## નવા વર્ષની શરૂઆતમાં પણ ચાંદીના ભાવમાં સતત વધઘટ



નવી દિલ્હી,

વર્ષ ૨૦૨૫માં ચાંદીના ભાવમાં થયેલા સતત વધારાએ ચાંદીના રોકાણકારોને માલામાલ કરી દીધા છે. જેમાં વર્ષ ૨૦૨૫માં ચાંદીએ તેના રોકાણકારોને ૧૬૪ ટકાનું જંગી વળતર મળ્યું છે. તેમજ આ વર્ષની શરૂઆતમાં પણ ચાંદીના ભાવમાં વધઘટ જોવા મળી રહી છે. જેમાં શુક્રવારે ૯ જાન્યુઆરીના રોજ દિલ્હીના બુલિયન બજારમાં ચાંદીનો ભાવ ૬૫૦૦ રૂપિયા વધીને ૨,૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો થયો હતો. આમ ગત વર્ષે ૩૧ ડિસેમ્બરની સરખામણીમાં ચાંદીના ભાવમાં અત્યાર સુધીમાં ૧૧,૦૦૦ રૂપિયા એટલે કે ૪.૬૦ ટકાનો વધારો થયો છે.

જ્યારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ, દિલ્હી બુલિયન બજારમાં ચાંદીનો ભાવ રૂપિયા ૨૦૦૦ ઘટીને રૂપિયા ૨,૩૯,૦૦૦ પ્રતિ કિલો પર બંધ થયો હતો. ૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ચાંદીના ભાવ સતત બીજા દિવસે ઘટીને રૂપિયા ૧૬૦૦ ઘટીને રૂપિયા ૨,૩૭,૪૦૦ પ્રતિ કિલો પર પહોંચી ગયા હતા.

આ ઉપરાંત નિષ્ણાતના જણાવ્યા અનુસાર ભૂરાજકીય તણાવ અને યુએસ ડેટા વચ્ચે ચાંદીની માંગ સતત વધી રહી છે. તેમજ આગામી દિવસોમાં સોલાર પેનલ્સ, ઈવી અને અન્ય ઉદ્યોગો તરફથી મજબૂત માંગ તેના ભાવને વધુ વધારશે. માળખાકીય પુરવઠાની મર્યાદાઓ અને ચાંદીના ઈટ્ઠ માં સતત ઝડપી રોકાણ પણ ચાંદીના ભાવને વેગ આપશે. જોકે, આ વર્ષે ચાંદીના ભાવ ગયા વર્ષ જેટલા ઝડપથી વધશે નહી. જોકે, તેમણે ઉમેર્યું હતું કે આ વર્ષે ચાંદીના ભાવ પ્રતિ કિલો રૂપિયા ૩૦૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. આનો અર્થ એ થયો કે ચાંદીના ભાવ તેમના વર્તમાન સ્તરથી આશરે રૂપિયા ૫૦,૦૦૦ એટલે કે ૨૦ ટકા વધી શકે છે.

# ઈડીએ આઈપીએસી દરોડા કેસમાં સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો, મમતા બેનર્જી સરકારે પણ ચેતવણી દાખલ કરી



નવીદિલ્હી,

કોલકાતામાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાજકીય સલાહકાર પેઢી આઇ પીએસી (ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) ના કાર્યાલય અને તેના ડિરેક્ટર, પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા. મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ દરોડાના બચાવમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. દરમિયાન,આઇ પીએસી કેસમાં હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. કોલકાતામાં આઇ પીએસી ડિરેક્ટર પ્રતીક જૈનના પરિસર પર દરોડા દરમિયાન, મમતા બેનર્જીએ અધિકારીઓ પાસેથી મહત્વપૂર્ણ ફાઈલો જપ્ત કરી હતી. હાર્ડ ડ્રાઈવ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

ઈડીએ કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં, ઈડીએ દરોડા દરમિયાન થયેલા સમગ્ર સંઘર્ષનું વર્ણન કર્યું છે. ઈડી કહે છે કે રાજ્ય તંત્રના કારણે એજન્સીને નિષ્પક્ષ તપાસ કરવાથી અટકાવવામાં આવી હતી. ઈડીએ અગાઉ આ મામલે કોલકાતા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેની સુનાવણી ૧૪ જાન્યુઆરીએ થવાની છે.આજે, પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ અરજી દાખલ કરી હતી. મમતા સરકારે જણાવ્યું હતું કે જો ઈઙ્ઘ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરે છે, તો કોઈપણ નિર્ણય લેતા પહેલા તેનો પક્ષ સાંભળવો જોઈએ.કેવિયેટ એ એક કાનૂની પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ કોર્ટને અગાઉથી જાણ કરે છે કે તેની સામે મુકદ્દમો અથવા તાત્કાલિક અરજી દાખલ થવાની સંભાવના છે, જેથી તેની વિરુદ્ધ કોઈ એકપક્ષીય આદેશ પસાર થાય તે પહેલાં તેને સાંભળવાની તક મળે.કેવિયેટનો હેતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતને સમર્થન આપવાનો છે. નાગરિક કાર્યવાહી સંહિતાની કલમ ૧૪૮છ હેઠળ કેવિયેટ પિટિશન દાખલ કરવામાં આવે છે જેથી વ્યક્તિને કોર્ટ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાની તક મળે.

# દિલ્હીના શાલીમાર બાગમાં મહિલાની ગોળી મારી હત્યા

## થોડા વર્ષો પહેલા પતિની હત્યા કરવામાં આવી હતી

નવીદિલ્હી,

દિલ્હીના શાલીમાર બાગમાં શનિવારે એક મહિલાની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. પોલીસને શંકા છે કે આ ઘટના તેના પતિના લાંબા સમયથી ચાલી રહેલા હત્યા કેસ સાથે જોડાયેલી હોઈ શકે છે, જેમાં કેટલાક આરોપીઓ હજુ પણ ફરાર છે. ડીસીપી ભીષ્મ સિંહે જણાવ્યું હતું કે આજે સવારે ૧૧:૦૦ વાગ્યે, અમને પીસીઆર કોલ મળ્યો જેમાં અમને જાણ કરવામાં આવી હતી કે શાલીમાર બાગમાં રહેતી રચના યાદવ નામની મહિલાને ગોળી વાગી છે. મહિલાનું મોત પાડોશીના ઘરેથી પરત ફરતી વખતે થયું હતું. કોઈએ તેના માથામાં ગોળી મારી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

ડીસીપીએ કહ્યું કે આ કેસની પૃષ્ઠભૂમિ બાલસુઆ ગામ સાથે જોડાયેલી છે. તે તે જ ગામની રહેવાસી હતી અને તેના પતિ વિજેન્દ્ર યાદવની હત્યા થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે મહિલાના પતિની હત્યા ૨૦૨૨ કે ૨૦૨૩માં થઈ હતી. અમે હાલમાં આ કેસ વિશે માહિતી એકઠી કરી રહ્યા છીએ. તે બાલસુઆ ગામમાં વ્યક્તિગત દુશ્મનાવટ અથવા કૌટુંબિક વિવાદ સાથે સંબંધિત હોવાનું જણાય છે. અમે વધુ તપાસ કરી રહ્યા છીએ.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતકની ઓળખ રચના યાદવ તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા સતત તેના પતિની હત્યા વિશે માહિતી માંગી રહી હતી.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની માર માર્યા બાદ ઝેર આપીને હત્યા

નવીદિલ્હી,

બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના વધુ એક સભ્યની હત્યા કરવામાં આવી છે. ગુરુવારે, સુનમગંજ જિલ્લામાં જોય મહાપાત્રા નામના એક હિન્દુ વ્યક્તિને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. મહાપાત્રાના પરિવારના જણાવ્યા અનુસાર, તેને એક સ્થાનિક વ્યક્તિ દ્વારા ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો અને પછી ઝેર આપવામાં આવ્યું હતું.

તેમની તબિયત વધુ ખરાબ થતાં, મહાપાત્રાને સિલહટ એમએજી ઓસ્માની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું આઈસીયુમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનાથી બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ વસ્તી ખૂબ જ ભયભીત થઈ ગઈ છે.

બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના કાર્યકાળ દરમિયાન લઘુમતી પર હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. થોડા દિવસો પહેલા જ, બાંગ્લાદેશના નરસિંગડી શહેરમાં અજાણ્યા હુમલાખોરો દ્વારા ૪૦ વર્ષીય હિન્દુ વ્યક્તિની તીક્ષ્ણ હથિયારથી છરી મારીને હત્યા કરવામાં આવી હતી. આનાથી બાંગ્લાદેશની હિન્દુ વસ્તીમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

૫ જાન્યુઆરીએ, જશોરના કોપાલિયા બજારમાં હિન્દુ ઉદ્યોગપતિ અને પત્રકાર રાણા પ્રતાપની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગયા મહિનાની ૧૮ ડિસેમ્બરે, મૈમનસિંઘમાં કપડાના કારખાનાના કામદાર દીપુ ચંદ્ર દાસને ઈશનિંદાના આરોપસર માર મારવામાં આવ્યો હતો. બાદમાં તેમના શરીરને ઝાડ સાથે બાંધીને બાળી નાખવામાં આવ્યું હતું.૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, શરિયતપુરમાં ઉદ્યોગપતિ ખોકન ચંદ્ર દાસને છરી મારીને સળગાવી દેવામાં આવ્યા હતા. ત્રણ દિવસ પછી ઢાકામાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. માનવ અધિકાર જૂથો અને લઘુમતી સમુદાયના સભ્યોએ હિન્દુ લોકોની વારંવાર થતી હત્યાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે ધરપકડમાં વિલંબ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા નબળા પગલાં ગુનેગારોને હિંમત આપી રહ્યા છે અને સંવેદનશીલ સમુદાયોમાં ભય વધારી રહ્યા છે.

# બેલ્લારી હિંસા કેસની તપાસ સીબીઆઈને સોપવામાં આવી

બેલ્લારી,

કર્ણાટકના બેલ્લારીમાં ભાજપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે થયેલી અથડામણ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. સરકારે ૧ જાન્યુઆરીના રોજ બેલ્લારીમાં થયેલી હિંસાની તપાસ ઔપચારિક રીતે ફોજદારી તપાસ વિભાગને સોંપી દીધી છે. કોંગ્રેસના ધારાસભ્ય નારા ભરત રેડ્ડી અને ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીના સમર્થકો વચ્ચે થયેલી અથડામણમાં ૨૬ વર્ષીય કોંગ્રેસ કાર્યકરનું મોત થયું હતું. ત્યારથી બંને પક્ષો વચ્ચે રાજકીય ઘર્ષણ શરૂ થયું છે. નવા વર્ષના દિવસે ભાજપ ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીના નિવાસસ્થાન પાસે બેનર લગાવવા અંગે વિવાદ થતાં અશાંતિ શરૂ થઈ હતી. બંને પક્ષો વચ્ચેનો મતભેદ પથ્થરમારા સુધી પહોંચી ગયો. ગોળીબાર પણ થયો, જે દરમિયાન કોંગ્રેસ કાર્યકર રાજશેખરને ગોળી વાગી અને બાદમાં તેમનું મોત થયું.

આ ઘટના બાદ, રાજ્ય સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ બેલ્લારીના પોલીસ અધિક્ષક પવન નેજ્જુરને સસ્પેન્ડ કરી દીધા. બાદમાં, પોલીસે બ્રુસપેટ પોલીસ સ્ટેશનમાં ચાર એફઆઈઆર નોંધી હતી, અને અત્યાર સુધીમાં બંને પક્ષના ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.સીબીઆઈ તેની તપાસ ક્યારે પૂર્ણ કરશે તે જોવાનું બાકી છે. તાજેતરમાં, આ ઘટના બાદ, ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીએ ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો.

# આ ઘમંડ નથી, તો બીજું શું છે? મમતાનો એસઆઈઆર પર ચૂંટણી પંચને પત્ર

## તે શરમજનક છે કે ૯૦ વર્ષથી વધુ ઉંમરના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. અમર્ત્ય સેન જેવા આદરણીય વિદ્વાનને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું



નવી દિલ્હી,

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પત્ર લખ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, "મને ખૂબ જ આઘાત અને ચિંતા છે કે ચૂંટણી પંચ ખાસ સઘન સમીક્ષા (એસઆઈઆર) દરમિયાન સામાન્ય નાગરિકોને સતત હેરાન કરતું દેખાય છે. સુનાવણી પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનિકલ અને યાંત્રિક બની ગઈ છે, જેમાં સમજણ, સંવેદનશીલતા અને માનવીય અભિગમનો અભાવ છે." તેમણે ચૂંટણી પંચ પર ઘમંડનો આરોપ પણ લગાવ્યો હતો.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પત્રમાં લખ્યું હતું કે, "એસઆઈઆર પ્રક્રિયા લોકશાહી અને બંધારણના પાયામાં મૂળ ધરાવે છે, છતાં તેમાં માનવતાનો અભાવ દેખાય છે. આઘાતજનક છે કે આ કવાયત, જે સકારાત્મક અને ઉપયોગી હોવી જોઈતી હતી, તેના પરિણામે અત્યાર સુધીમાં ૭૭ મૃત્યુ, ચાર આત્મહત્યાના પ્રયાસો અને ૧૭ હોસ્પિટલમાં દાખલ થયા છે."તેમણે જણાવ્યું હતું કે આ માટે ડર, ધાકધમકી અને આયોજન વિના વધુ પડતું કામનો ભાર જવાબદાર હતો. તે શરમજનક છે કે ૯૦ વર્ષથી વધુ ઉંમરના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. અમર્ત્ય સેન જેવા આદરણીય વિદ્વાનને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું. તેવી જ રીતે, કવિ જોય ગોસ્વામી, સાંસદ અને અભિનેતા દીપક અધિકારી, ક્રિકેટર મોહમ્મદ શમી અને ભારત સેવાશ્રમ સંઘના મહારાજ જેવા અગ્રણી વ્યક્તિઓ પણ આ અસંવેદનશીલ પ્રક્રિયાનો ભોગ બન્યા હતા.

તેમણે કહ્યું, "જો આ ઈસીઆઇ તરફથી ખુલ્લેઆમ અપમાન નથી, તો તે શું છે? આ ફક્ત થોડા ઉદાહરણો છે; ઘણા લોકો છે જેમને આ રીતે હેરાન કરવામાં આવ્યા છે. લગ્ન પછી અટક બદલીને સાસરિયાંના ઘરે રહેવા ગયેલી મહિલા મતદારોને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે બોલાવવામાં આવી રહી છે. આ સામાજિક સંવેદનશીલતાનો અભાવ દર્શાવે છે અને તે મહિલાઓ અને વાસ્તવિક મતદારોનું અપમાન છે. શું કોઈ બંધારણીય સંસ્થા અડધી વસ્તી (મહિલાઓ) સાથે આ રીતે વર્તે છે?તેમણે તેમના પત્રમાં આગળ લખ્યું, "નિરીક્ષકો અને સૂક્ષ્મ-નિરીક્ષકોને કોઈપણ તાલીમ વિના ખાસ અને સંવેદનશીલ કાર્યો માટે તૈનાત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી ઘણા તેમના અધિકારક્ષેત્રની બહાર કામ કરી રહ્યા છે." "એવા ચિંતાજનક અહેવાલો છે કે કેટલાક નિરીક્ષકો સામાન્ય નાગરિકોને દેશદ્રોહી કહી રહ્યા છે અને તેમની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે."તેમણે કહ્યું કે ચૂંટણી પંચ રાજ્ય પાસેથી આ કહેવાતા નિરીક્ષકોને સુરક્ષા પૂરી પાડવાની અપેક્ષા રાખી રહ્યું છે, જ્યારે ગંગાસાગર મેળા માટે પોલીસ પહેલેથી જ ભારે તૈનાત છે. તેમની પ્રાથમિક ફરજ સામાન્ય નાગરિકોનું રક્ષણ કરવાની છે, આ નિરીક્ષકોનું નહીં. એવું પણ બહાર આવ્યું છે કે કહેવાતા અતાર્કિક ખલેલ, જે ખરેખર અતાર્કિક છે, ચોક્કસ મતવિસ્તારોમાં રાજકીય પક્ષપાત સાથે ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવી રહી છે. દરમિયાન કોલકાતામાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાજકીય સલાહકાર પેઢી આઇ પીએસી (ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) ના કાર્યાલય અને તેના ડિરેક્ટર, પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા.

# જમીનના ધંધાર્થીનાં ઘરે ઉઘરાણીના મામલે મધરાતે હંગામો મચાવી તોડફોડ

રાજકોટ: રોલેક્સ રોડ પર આસોપાલવ સોસાયટી શેરી નં. ૨માં રહેતાં દિનેશભાઈ કુંજડિયા (ઉ.વ.૪૦)ના મકાનમાં આરોપી આસીફ દલ અને અજાણ્યા શખ્સે તોડફોડ કર્યાની આજી ડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પૈસાની લેતીદેતીના મામલે તોડફોડ થયાનું બહાર આવ્યું છે.

ફરિયાદમાં દિનેશભાઈએ જણાવ્યું છે કે તે બેન્ક દ્વારા સીલ કરેલા મકાન-શેડ અને જમીન હરરાજીમાં ખરીદી ખરીદ-વેચાણનું કામ કરે છે. ત્રણેક વર્ષ પહેલા મિત્ર દર્શન ભટ્ટી પાસેથી રૂા. ૩૭ લાખ લેવાના હતા. છએક માસ પહેલા ભુણાવા પાસે એક કારખાનુ કસમાં વેચવાનું હતું. જેથી દર્શનને વાત કરતાં તેણે મિત્ર આસીફને કારખાનુ લેવાનું છે તેમ કહ્યું હતું. પરિણામે આસીફે તેને રૂા. ૧૫ લાખ રોકડા આપ્યા હતાં. પછીથી કારખાના ઉપર લોન થઈ શકે તેમ ન હોવાની જાણ થતાં સોદો કેન્સલ થયો હતો.આ સ્થિતિમાં દર્શને તેની પાસે રૂા. ૧૫ લાખની ઉઘરાણી કરી હતી. જેથી તેણે કહ્યું કે તેની પાસેથી જે રૂા. ૩૭ લાખ માગે છે તેમાંથી રૂા. ૧૫ લાખ આસીફને આપી દેવાનું કહ્યું હતું. પરંતુ દર્શને હાલ પોતાની પાસે રૂપિયાની સગવડ નથી તેમ જણાવી રૂા. ૯ લાખ આસીફને આપ્યા હતાં. જયારે બાકીના રૂા. ૬ લાખ તેને આપી દેવાનું કહ્યું હતું. આ રકમની આસીફ અવારનવાર તેની પાસે ઉઘરાણી કરતો હતો. પરંતુ તેની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી રકમ આપી શક્યો ન હતો. જેને કારણે ઉશ્કેરાઈ ગયેલા આસીફે અન્ય અજાણ્યા શખ્સ સાથે ગઈ તા. ૯ના મધરાતે તેના ઘરે આવી જોર-જોરથી દરવાજા ખટખટાવ્યા હતાં. બેફામ ગાળો પણ ભાંડી હતી. એટલું જ નહીં બહાર નીકળ આજે તને જોઈ લેવો છે, મારા રૂપિયા પરત આપી દે, નહીંતર સારા વટ નહીં રહે તેવા હાકલા-પડકારા પણ કરતા તત્કાળ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. પોલીસ આવતા બંને આરોપીઓ જતા રહ્યા હતા. ત્યાર પછી તપાસ કરતાં આરોપીઓએ તેના ઘરની બહાર ટાઈલ્સનો ઓટો ઉપરાંત રવેશના કાચ ફોડી નાખ્યાની જાણ થઈ હતી. જેથી બંને આરોપીઓ વિરૂધ્ધ સીસીટીવી કેમેરાના પૂરાવા સાથે ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના સોની સાથે મહારાષ્ટ્રના વેપારીએ રૂ.૧૩.૪૯ લાખની ઠગાઈ આચરી

રાજકોટ:

સોની બજારમાં વેપાર કરતા એક સોની વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના વેપારી સાથે પાંચ વર્ષ સુધી વેપાર કર્યા બાદ વિશ્વાસમાં આપેલા અંદાજે ૩૧ કિલોથી વધુના ચાંદીના દાગીના (કિંમત ૧૩.૪૯ લાખ) ઓળવી જતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.આ બનાવમાં, શહેર અમીન માર્ગ પર આવેલ તપોવન સોસાયટીમાં રહેતા અને સોની બજારના માંડવી ચોક પાસે "આર.કે. સિલ્વર' નામે ભાગીદારીમાં પેઢી ચલાવતા રણજિતભાઈ ખેંગારભાઈ વાઢેર(ઉ.વ.૫૮)એ મહારાષ્ટ્રના દેવીલાલ વાઘારામ માલી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આરોપી દેવીલાલ માલી મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના આષ્ટાગામ ખાતે 'અર્બુદા સિલ્વર જ્વેલર્સ' નામે પોતાની દુકાન ધરાવે છે. છેલ્લા પાંચેક વર્ષથી બંને વચ્ચે વેપારી સંબંધો હતા અને દેવીલાલ સમયસર પેમેન્ટ કરી દેતો હતો.જોકે ગત મે-૨૦૨૪માં આ સંબંધોમાં ખટાશ આવી હતી. દેવીલાલે ૧૮ કિલો ૧૦૪ ગ્રામ ચાંદીના દાગીનાનો ઓર્ડર આપ્યો હતો. જેની કિંમત ૮,૦૬,૧૮૯ થતી હતી. જેની સામે તેણે ૪,૨૨,૪૦૦ જમા કરાવ્યા હતા. ત્યારબાદ ફરી ૧૭ કિલો ૮૪૭ ગ્રામ દાગીના (કિંમત ૯,૬૫,૯૦૮) કુરિયર મારફતે મગાવ્યા હતા.આમ આરોપી વેપારીઓએ કુલ ૩૧ કિલો ૭૨૭ ગ્રામ ચાંદીના દાગીના મેળવી લીધા બાદ બાકી નીકળતા ૧૩,૪૯,૬૯૭ ચૂકવવામાં દેવીલાલે ગલ્લાં તલ્લાં શરૂ કર્યા હતા.વેપારી રણજિતભાઈએ મહારાષ્ટ્ર જઈને રૂબરૂ ઉઘરાણી કરી ત્યારે પણ આરોપીએ માત્ર વાયદાઓ જ આપ્યા હતા. લાંબો સમય વીતી જવા છતાં નાણાં પરત ન મળતા અંતે રાજકોટ એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# નોકરીમાં જોડાયાના ૨૦મા દિવસે વેરાવળના શખ્સે કંપનીના ૧૦ લાખ ખિસ્સામાં નાખી ઠગાઈ આચરી

રાજકોટ:

રાજકોટના જામનગર રોડ ગાયત્રીધામ સોસાયટી-૫માં રહેતા અને સીએમએસ ઈન્ફો સિસ્ટમ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા ગોપાલસિંહ પ્રદ્યુમ્નસિંહ ઝાલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંપનીમાં વીશેક દિવસથી વેરાવળ-સોમનાથના વતની અને રાજકોટના મવડી ઓમનગર શેરી નં.૬ પાસે રહેતાં સાગર દેવળિયા અને છ માસથી સાહિલ ઘાંચી મહેસાણા બ્રાંચમાં કસ્ટોડિયલ તરીકે નોકરી કરે છે.ગત તા.૩ના ઓફિસમાં ગણતરી વેળાએ ૧૦ લાખની ઘટ આવી હોય જેથી તપાસ કરતા સાગરે રકમ ઓછી જમા કરાવ્યાનું ખૂલતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવમાં કંપની મેનેજર સાથેની વાતચીતમાં સાગરે ગાડીમાં જ કંપનીની કુલ રકમમાંથી રૂ.૧૦ લાખ પોતાની પાસે રાખી લીધા બાદ પોતે રાત્રે મેનેજરને કોલ કરી સોમનાથ-વેરાવળ રહેતા તેના પિતાને હાર્ટએટેક આવ્યો હોવાથી ૩ દિવસ નોકરી પર નહીં આવે તેવું જણાવ્યું હતું.કંપની મેનેજરે આ સાગર દેવળિયા ગાડીમાં હતો ત્યારે ટિફિનની થેલી કે લેપટોપ બેગમાં પૈસા નાખી રફુચક્કર થયો હોવાની શંકા વ્યક્ત કરી હતી.

# સ્કૂટરચાલકે બસ ડ્રાઈવરને ધમકાવ્યો, શાળામાં ફોન કરી ખોટી ફરિયાદ કરી

રાજકોટ:રેલનગરમાં રહેતા અને ખાનગી સ્કૂલના બસ ડ્રાઈવર તરીકે નોકરી કરતો યુવાન માધાપર ચોકડી વિનાયક વાટિકા નજીક છાત્રોને ઘરે ઉતારવા જઈ રહ્યો હતો ત્યારે એક ટૂ વ્હિલર અચાનક વચ્ચે આવી જતા યુવકે બસની બ્રેક મારી દીધી હોવા છતાં આ શખ્સે ગાંળો ભાંડી મારકૂટ કરી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.શહેરના રેલનગર સંતોષીનગર પાસે ચંદ્રશેખર આઝાદ ટાઉનશિપ એ-૭૨માં રહેતાં દેવાંગભાઈ યશવંતભાઈ ધામનકરએ યુનિ.પોલીસમાં મોહિતરાજસિંહ હઠીસિંહ સોલંકી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે વેસ્ટ વૂડ સ્કૂલની બસમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે.ગત તા.૭ના બસ લઈ વિદ્યાર્થીઓને વિનાયક વાટિકા વિસ્તારમાં તેમના ઘરે ઉતારવા જતો હતો ત્યારે શેરી પાસે બે શખ્સ સ્કૂટર લઈ ઊભા હતા. જેવી બસ પસાર થતા ચાલકે સ્કૂટર શેરી વચ્ચે ઊભું રાખી દીધું હોય જેથી પોતે બ્રેક મારતા અકસ્માત થયો ન હતો. છતાં સ્કૂટરમાં પાછળ બેઠેલા શખ્સે તેને ગાળો ભાંડી બસમાં ચડી જઈ મારકૂટ કરી.

જો આવી રીતે બસ ચલાવીશ તો મારી નાખીશ મારો ચહેરો યાદ રાખજે કહી જતો રહ્યો હતો. બાદમાં શાળામાં તેના વિરુદ્ધ ફરિયાદ કરી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# છ મહિનાથી રિસામણે બેઠેલી પરિણીતાનો પિયરમાં આપઘાત

રાજકોટ:શહેરના ગુરુકુળ રોડ, મૂળ ઓખામાં સાસરિયું ધરાવતા શ્વેતાબેન ભગીરથભાઈ બારાઈ નામની પરિણીતાએ રાજકોટમાં ગુરુકુળ મેઈન રોડ, જલારામ ચોકથી ધર્મજીવન સોસાયટીમાં રહેતા પિતા હસમુખભાઈ વાઢેરના ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ૧૦૮ મારફતે રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબે જોઈ તપાસી પરિણીતાને મૃત જાહેર કરતા બનાવથી પરિવારમાં ઘેરો કલ્પાંત છવાયો હતો.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા પીએસઆઈ એમ.એન. વસાવા સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી હતી.આપઘાત કરનાર શ્વેતાબેન છેલ્લા છએક મહિનાથી રિસામણે હતા. ૨ વર્ષ પહેલાં ઓખાના યુવક સાથે તેના પ્રેમલગ્ન થયા હતા. માતા-પિતા બંને નિવૃત્ત જીવન વ્યતિત કરતા હતા. માતા નિવૃત્ત પ્રિન્સિપાલ અને પિતા નિવૃત્ત એટીડીઓ છે.દંપતી વચ્ચે મતભેદ હોય જેથી છેલ્લા છ મહિનાથી તેણી પિયરમાં રહેતી હતી. ક્યાં કારણસર પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ધોરાજીમાં ૧૪ વર્ષીય તરૂણીનો આપઘાત

## અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું, પોલીસ તપાસ શરૂ

ધોરાજી:રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ઉમરકોટ વિસ્તારમાં એક ૧૪ વર્ષીય તરૂણીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે.પ્રાથમિક માહિતી મુજબ, તરૂણીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે જાણી શકાયું નથી. પરિવારજનોને આ અંગે જાણ થતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા.ઘટના બાદ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા તરૂણીને ધોરાજીની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.આ ઘટનાની જાણ થતાં જ ધોરાજી પોલીસ ઘટનાસ્થળે અને સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે જરૂરી પંચનામાની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.તરૂણીના આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજુ અકબંધ છે. ધોરાજી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં ધમકીથી કંટાળી આધેડે ફિનાઈલ પીધું

## ધંધામાં મંદી આવતા ઉધાર લીધેલા રૂપિયા પરત ન આપી શક્યા, હોસ્પિટલમાં સારવાર હેઠળ

મોરબી:મોરબીમાં ધંધામાં થયેલી ખોટ અને ઉધાર લીધેલા રૂપિયા સમયસર પરત ન આપી શકવાને કારણે ફોન પર ધમકી મળતા એક આધેડે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.આ ઘટના મોરબીના વાવડી રોડ પર શ્રીજી પાર્ક, રવિ પાર્ક નજીક રહેતા ફારુકભાઈ મોહમ્મદભાઈ ગલેરીયા (ઉં.વ. ૫૧) સાથે બની હતી. ફારુકભાઈએ પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું, જે બાદ તેમને સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા.ફારુકભાઈના પત્ની રોશનબેન ગલેરીયા (ઉં.વ. ૫૦) એ મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. તેમણે જણાવ્યું કે, તેમના પતિ કપડાની ફેરીનો ધંધો કરે છે. એકાદ વર્ષ પહેલા તેમને રૂપિયાની જરૂર પડતા મોરબીના આદિલભાઈ પાસેથી એક લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા. તેમાંથી અડધા રૂપિયા પરત ચૂકવી દીધા હતા, પરંતુ ધંધામાં મંદી આવતા બાકીના રૂપિયા ચૂકવી શક્યા ન હતા. આથી આદિલે ફોન પર ધમકી આપતા ફારુકભાઈએ કંટાળીને આ પગલું ભર્યું હતું. પોલીસે આ અંગે નોંધ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.વાંકાનેરમાં આસ્થા પીરની દરગાહ પાછળ સંધિ સોસાયટીની શેરીમાં ખુલ્લા પટમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી હાજીભાઈ ઈબ્રાહીમભાઈ મોવર, જાવીદભાઈ અબ્દુલભાઈ કઈડા અને પરેશભાઈ ખોડાભાઈ શેખાણી (તમામ રહે. વાંકાનેર) ને ૧૦,૩૦૦ રૂપિયા રોકડ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. વાંકાનેર સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.ટંકારાના રોહીશાળા ગામની સીમમાં બાવળના ઝાડ નીચે જુગારની રેડ દરમિયાન જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે રસિકભાઈ જેઠાભાઈ રૈયાણી (રહે. રોહીશાળા) અને કૃષ્ણસિંહ ઉર્ફે શક્તિસિંહ ભવનસિંહ ઝાલા (રહે. નેકનામ) ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૬,૫૦૦ રૂપિયા રોકડ સહિત કુલ ૧૬,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જોકે, જયેશભાઈ નારણભાઈ દલસાણીયા (રહે. નેકનામ), શક્તિવનભાઈ છગનભાઈ ભોરણીયા (રહે. રોહીશાળા) અને અંકિતભાઈ ધીરુભાઈ જાદવ (રહે. નેકનામ) સ્થળ પરથી નાસી છૂટ્યા હતા, જેમની ધરપકડ માટે તજવીજ શરૂ કરવામાં આવી છે.

# જેતપુરમાં અજાણી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળ્યો



જેતપુર:જેતપુરના રબારીકા રોડ પર આવેલા એમ.જી. ઉદ્યોગનગર વિસ્તારમાંથી એક અજાણી વૃદ્ધ મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતદેહ ચાદરમાં લપેટાયેલી હાલતમાં હોવાથી હત્યાની આશંકા સેવાઈ રહી છે.પોલીસને બાવળની ઝાડીઓમાં આવેલી એક અવાવરું ઓરડીમાંથી આ મૃતદેહ મળ્યો હતો. પ્રાથમિક તપાસમાં જણાયું છે કે મૃતદેહ ચાદરમાં બાંધેલી હાલતમાં હતો, જે હત્યા તરફ ઈશારો કરે છે. મૃતક મહિલા પરપ્રાંતિય હોવાની શક્યતા છે.ઘટનાની જાણ થતાં જ જેતપુર ઉદ્યોગનગર પોલીસ, રાજકોટ રૂરલ પોલીસ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (ન્ઝ્રમ્)નો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસે અજાણી મહિલાની ઓળખ મેળવવા અને ગુનેગારો સુધી પહોંચવા માટે તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫ દિવસમાં હોટલ સહિતના દબાણો તોડી ૪૨ એકર સરકારી જમીન ખૂલી કરાઇ

## ૭થી વધુ હોટલ, ડુંગર તળેટી વિસ્તારની ૪૦૦ થી વધુ દુકાનો, ૩ માળનું બિલ્ડિંગનો સમાવેશ



સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, થાન અને મૂળી તાલુકામાં ગેરકાયદે દબાણો અને બાંધકામો પર તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાંઆવી છે. છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ તાલુકામાં ગેરકાયદે તાણી બંધાયેલી ૭થી વધુ હોટલ, ચોટીલાના ડુંગર તળેટી વિસ્તારની ૪૦૦થી વધુ દુકાનો અને નવગ્ર મંદિરના કંપાઉન્ડમાં આવેલા ૩ માળનું બિલ્ડિંગ તોડી પાડીને અંદાજે ૪૨ એકરથી વધુ ૧૬૯.૨૩ કરોડની સરકારી જમીન ખૂલ્લી કરવામાં આવી છે. આગામી સમયમાં હજૂ પણ ઝુંબેશ યથાવત્ રાખવામાં આવશે.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, રાજકોટ, નેશનલ હાઇવ સહિત મૂળી અને થાન તાલુકામાં ગેરકાયદેસર હોટલો સહિતના પાકના દબાણો સરકારી જમીનમાં ખડકી દેવામાં આવ્યા હતા અને હોટલો અને ઢાબાના આડમાં ગેરકાયદે પેટ્રોલ, ડીઝલ, બાયોડિઝર, કેમિકલની હેરાફેરી, વેચાણ સહિતની અસામાજિક પ્રવૃતિઓ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. તેમજ મોટાભાગે ગેરકાયદે દબાણો કરનાર સખ્સો માથાભારે શખ્સો હોવાથી વર્ષોથી દબાણો દૂર કરવામાં આવતી ન હતી. આ મામલે રજૂઆતો કરનારાઓને પણ માથાભારે શખ્સો દ્વારા ધમકી આપીને યેનકેન પ્રકારે પરેશાન કરવામાં આવતા હતા. જેને લઈ ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા સહિતની ટીમોએ સરકારી જમીનો પણ દબાણો હટાવવા માટે ઝુંબેશ હાથ ધરી છે.

જેમાં છેલ્લા ૧૫ દિવસમાં ચોટીલા નેશનલ હાઈવે પર સરકારી જમીન પર કરેલા ગેરકાયદેસર ૭થી વધુ હોટલો તેમજ ડુંગર તળેટી વિસ્તારની ૪૦૦થી વધુ દુકાનો અને દબાણ સહિત નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં આવેલા ૦૩ માળનું બિલ્ડિંગનું દબાણ સહિત કુલ અંદાજે ૪૨ એકરથી વધુ રૂ.૧૬૯.૨૩ કરોડની સરકારી જમીન ખુલ્લી કરી હતી.

૧૫ દિવસમાં સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કર્યાની વિગતો:

(૧) તા.૨૮ ડિસેમ્બર ૨૦૨૫ : ચોટીલા નેશનલ હાઈવે પર ખેરડી પાસે આવેલી સરકારી જમીન પર ગેરકાયદે બનાવેલી ૩ હોટલોમાં શિવલહેરી પરોઠા હાઉસ હોટલ, વિર વચ્છરાજ હોટલ અને પટના બિહાર બલવીર હોટલ સહિત આસપાસ બનાવેલી ૧૨ - દુકાનો, ૬-સ્ટાફ ક્વાર્ટર, ૧-બંગલો, તબેલો, ટોયલેટ સહિતના પાકા દબાણો.(૨) તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૫ : ચોટીલા નેશનલ હાઈવે પર નાની મોલડી, મોટી મોલડી તેમજ ચાણપા ગામ પાસે આવેલી મોમાઈ હોટલ, જય દ્વારકાધીશ હોટલ અને તુલસી હોટલની ૧૦ દુકાનો, ૦૫ સ્ટાફ ક્વાર્ટર, ૧ ગેરેજ સહિતનું ગેરકાયદેસર બાંધકામ.(૩) તા.૦૪ જાન્યુઆરી ૨૦૨૬ : ચોટીલા નેશનલ હાઈવે પર મઘરીખડા ગામ પાસે અમરદીપ હોટલ સહિત પંચરની દુકાન, બાથરૂમ બ્લોક, પાણીની ટાંકી, અન્ય ઓરડી સહિતનું બાંધકામ.(૪) તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૬ : ચોટીલા નેશનલ હાઈવેથી ડુંગર તળેટી સુધીની અંદાજે ૪૦૦ થી વધુ દુકાનો દ્વારા કરેલ પતરાના શેડ અને સ્ટોલ સહિત તળેટી વિસ્તારમાં આવેલા નવગ્રહ મંદિરના કંપાઉન્ડની ૦૩ માળનું બિલ્ડિંગ સહિતના દબાણો. સરકારી જમીન પર હોટલો સહિતના ગેરકાયદે દબાણ કરનાર શખ્સો:(૧) મંગળુભાઈ જીલુભાઈ ખાચર (૨) મહેન્દ્રભાઈ જીલુભાઈ ખાચર અને (૩) સુરેશભાઈ જીલુભાઈ ખાચર, તમામ રહે.ખેરડી, તા.ચોટીલા (૪) જેન્તીભાઈ બાબુભાઈ બાવળિયા, રહે.રાજકોટ (૫) હામાભાઈ શાર્દુલભાઈ રબારી, રહે.ચાણપા, તા.ચોટીલા

# બાળકને રઝળતું મૂકી દેવાયું:આખા શરીરે કીડીના ચટકાના લીધે દર્દથી ચિત્કારતું બાળક રીબડા પાસેથી મળ્યું



ગોંડલ:ગોંડલ તાલુકાના રીબડા જીઆઈડીસી પાસે આવેલા ખાડામાં કોઈ નાનું બાળક દર્દથી કણસતું હોવાની જાણ કોઈ જાગૃત નાગરિકને થઈ હતી અને તેમણે ૧૧૨ને કોલ કરતાં ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને બાળકની સ્થિતિ અત્યંત દયનીય સ્થિતિ જોઈ ૧૦૮ને બોલાવાઈ હતી. ખાડામાં ફેંકી દેવાયેલા બાળકના આખા શરીરે કીડીઓ ચડી ગઈ હતી અને કાન તેમજ મોઢા પર કીડીના ચટકાના લીધે સોજો આવી ગયો હતો,તેમજ માથામાં પણ સોજો છે. કીડીના ચટકાથી બાળક દર્દથી કણસતું હતું. ત્યાંથી પસાર થતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટના આગેવાનોએ તેને ઘટના સ્થળે જ પ્રાથમિક સારવાર આપી હતી અને બાળકની સ્થિતિ પામી રાજકોટ સિવિલમા ખસેડાયું હતું, જ્યાં તેની હાલત ભયજનક ગણાવાઈ રહી છે. તબીબોએ તેની સારવાર શરૂ કરી દીધી છે અને તાલુકા પોલીસ તેના વાલી, વારસની શોધખોળમાં લાગી ગઈ છે.બાળકને ફેંકી દેવાયું, પરિવારથી વિખુટું પડી ગયું કે પછી અન્ય કોઈ કારણ છે તે અંગે તાલુકા પોલીસ અને રૂરલ ક્રાઈમ બ્રાંચે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. રવિવારે સવારે રીબડા જીઆઈડીસી પાસેથી અઢીથી ત્રણ વર્ષનું બાળક મળી આવ્યું હતું અને ખાડામાં તેના આખા શરીરે કીડીઓ ચોંટી હતી અને કીડીના ચટકાના લીધે અસહ્ય દર્દથી તે કણસી રહ્યું હતું.આથી ૧૦૮ને બોલાવીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં બાળકને ખસેડવામાં આવ્યું છે.

બાળક સતત રો-કકળ કરતુ હતું અને પાપાનો સાદ દઈ રહ્યું હોવાથી ૧૦૮ના સ્ટાફે તેને હુંફથી સંભાળ્યું હતું અને મોબાઈલ રમવા આપીને શાંત કરી સિવિલ હોસ્પિટલ સુધી પહોચાડ્યું હતું. રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટના સ્થળે, હોસ્પિટલે દોડી ગયો હતો, બાળક અંગેની માહિતી મેળવી હતી. હાલમાં બાળકને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

બાળકના કોઈ વાલી વારસો હોય તો તેઓએ ૬૩ ૫૯ ૬૨ ૫૭ ૧૪ નંબરના મોબાઈલ પર તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આટલા નાનકડા બાળકને રોડ ઉપર રઝળતું મૂકી દેવાનું કારણ શું હોઈ શકે ? રૂરલ ન્ઝ્રમ્ પોલીસ અને ગોંડલ તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પુત્રનો કબજો પતિને સોંપાતા વિયોગમાં મહિલાનો આપઘાત

રાજકોટ:કોઠારિયાના રણુજાનગર શેરી નં.૨માં રહેતી નયનાબેન વિશાલભાઈ કુબાવત (ઉ.વ.૨૫) નામની યુવતીએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. નયનાબેનના ૬ વર્ષ પૂર્વે રાજેશ સાથે પ્રેમવિવાહ થયા હતા.નયનાબેનના વિશાલ સાથે આડા સંબંધની પતિને જાણ થતા પ્રથમ પતિ રાજેશભાઈ સાથે ૨૦૨૫માં છૂટાછેડા થઈ ગયા. તેના થકી જન્મેલા બાળકનો કબજો પ્રથમ પતિ રાજેશભાઈને સોંપાયો હતો. હાલ વિશાલ સાથે મૈત્રીકરાર કરીને રહેતી હતી. દીકરાની યાદ આવતી હોઈ ચિંતામાં પગલું ભર્યું હતું.

# માળીયા પાસે ટ્રક ટ્રેલરની ટક્કરે યુવાનનું મોત:નાના દહીસરા નજીક અકસ્માત, એકને ઈજા

મોરબી:મોરબીના નવલખી રોડ પર આવેલા નાના દહીસરા ગામના પાટીયા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રક ટ્રેલરના ચાલકે ઈકો ગાડીને હડફેટે લેતા ગાડીના ચાલકનું રાજકોટમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા થઈ હતી. પોલીસે ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવ માળીયા (મી)ના ન્યુ નવલખી ગામે રહેતા હારુનભાઈ હાજીભાઈ જામ (ઉં.વ. ૧૯) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ બન્યો હતો. હારુનભાઈ પીપળીયા ચોકડી પાસે વાહનની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે તેમના મિત્ર રફીક દાઉદભાઈ જંગીયા પોતાની ઈકો ગાડી (નંબર ય્ત્ન ૩૬ છઁ ૦૨૮૭) લઈને ત્યાંથી પસાર થયા હતા. રફીકભાઈ ન્યુ નવલખી તરફ જઈ રહ્યા હોવાથી હારુનભાઈ તેમની ગાડીમાં બેસી ગયા હતા.બંને નવલખી રોડ પરથી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. નાના દહીસરા ગામના પાટીયા પાસે આવેલા નાયરા પેટ્રોલ પંપ નજીક પહોંચતા, ટ્રક ટ્રેલર (નંબર ય્ત્ન ૩૬ ૪૪૯૯) ના ચાલકે અચાનક વળાંક લેતા રફીકભાઈની ઈકો ગાડીને ડ્રાઈવર સાઈડથી જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માતમાં રફીકભાઈ અને હારુનભાઈ બંનેને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. રફીકભાઈને વધુ ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર કારગત ન નીવડતા તેમનું મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે ઈજાગ્રસ્ત હારુનભાઈ જામની ફરિયાદના આધારે માળીયા (મી) પોલીસે ટ્રક ટ્રેલર (નંબર ય્ત્ન ૩૬ ૪૪૯૯) ના અજાણ્યા ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.